3/-

શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન

# ખબર પત્રિકા

પાના ૨૮

વર્ષ-૬ • અંક-૧૬૯ • સળંગ અંક - ૨૧૬૯ | ૨૨૬/૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર, મુંબઈ-૯. ફોન : ૨૩૪૬૮૫૨૮ | ફક્ત મેમ્બરો માટે

દરેક મરણ ખબરમાં લૌકિક વ્યવહાર બંધ છે | 'સંપર્કનો સેતુ, સંઘ ભાવના એ જ હેતુ' | www.kutchipatrika.org

સૂર્યોદય - ૦૬.૨૦.૪૫

સંવત - ૨૦૮૧

શ્રાવણ વદ-૦૬, ગુરુવાર

તા. ૧૪-૦૮-૨૦૨૫

સૂર્યાસ્ત - ૦૭.૦૫.૪૭



**ભોજાય**ના ***શ્રી સુરેશ નાગડા*** (ઉ.૫૪) તા. ૧૨-૮-૨૫ ના હાર્ટફેઈલથી અવસાન પામેલ છે. માનબાઈ ખેરાજ ના પૌત્ર. કોટડી જેઠીબાઈ હિરજી ના દોહિત્ર. ઝવેરબેન વિશનજી ના પુત્ર. રશ્મિ ના પતિ. મહેક ના પિતા. સ્વ. રમેશ, હિતેન્દ્ર, નિલેશ, ચંચલ, સ્વ. મિનાક્ષી ના ભાઈ. હિનાના દેર. મંજુલા ના જેઠ. કોટડા રોહા શશીકાંત ગાંગજી, ઉમેશ મોહનલાલ ના સાળા. વિરલ, મનન, ભૂમિ, મૈત્રી ના કાકા. સેજલ, ડુમરા તેજસ ભરત ના કાકાઈ સસરા. હેમલ, અંકિત, જિગ્ના ના મામા. કિંજલ, ઉજ્જવલા ના મામાઈ સસરા. મોથારા ગુણવંતી (મંજુલા) નાનજી ગડા ના જમાઈ. સુંદરબેન કાનજી ના પૌત્રીવર. સાભરાઈ કેસરબેન લીલાધર, દેવકાબેન રવજી ના દોહિત્રીવર. હિતેશ, તૃપ્તી ના બનેવી. રિતુ ના નણંદોઈ. ખારૂઆ હિરેન ના સાઢુભાઈ. પરમ, રાશિ ના ફુઆ. વીર ના માસા. ***પ્રા. શ્રી માટુંગા ક.શ્વે. મૂ.જૈન સંઘની નારાણજી શામજી વાડી, માટુંગા (સે.રે.) ૪ થી ૫.૩૦.*** નિ. સુરેશ નાગડા, ૫૦૫, ગણેશ લહેર વિલ્લા, ૫ મે માળે, સારસ્વત બેંક અને સ્પર્શ હોસ્પિટલની ઉપર, કલ્યાણ (પૂ.) - ૪૨૧ ૩૦૬. મહેક: ૯૧૬૭૮૮૩૧૫૪, હિતેન્દ્ર: ૯૬૯૯૯૯૫૨૨, નીલેશ: ૮૪૫૪૯૭૮૫૮૬, હિતેશ : ૯૦૨૨૪૮૧૪૨૫.

2/1/1 -------- (1-1)

**મોટા આસંબિયા**ના ***હિના જીતેન્દ્ર ગાલા*** (ઉ.વ. ૬૫) તા. ૨૦/૭/૨૫ના ટૂંકી માંદગીથી અવસાન પામેલ છે. માતુશ્રી નિર્મળાબેન નાનજીભાઈ ઉકેડા ગાલાના પુત્રવધુ. જીતેન્દ્રના ધર્મપત્ની. મહેન્દ્ર, દિનેશ, રાજેશ અને લલિતના ભાઈના પત્ની. લીલા અને શિલ્પાના દેરાણી. કાંતાબેન મોહનલાલ હાથલિયાના પુત્રી. ભુપેન્દ્ર, અનિલ, હરેશ અને મીના પરમારના બહેન. ***પ્રાર્થના સભા રાખેલ નથી.*** નિ. મહેન્દ્ર નાનજી ઉકેડા ગાલા, ૧ નાનુકુંજ, ૫૫ સ્વસ્તિક સોસાયટી એન.એસ. રોડ નં. ૪, જે.વી.ડી.પી. સ્કીમ, વિલેપાર્લે (પશ્ચિમ) મુંબઈ-૪૦૦૦૫૬. ૯૩૨૦૦૪૫૪૫૯-લીલા.

2/1/1 -------- (1-2)

## મહિલા સંસ્થા સમાચાર

**કચ્છી મહીલા ફેડરેશન, કાર્યાલય સોમ, ૧૮-૮નાં ચાલુ, બુધ ૨૦-૮, ૨૭-૮ બંધ**

ક.મ.ફે.સં. જયાબેન વિસનજી મારૂ (બિદડા) મહિલા મેડીકલ ફંડ સોમવાર, તા.૧૮-૮-૨૫ના ૪ થી ૬ દરમ્યાન કાર્યાલય ચાલુ રહેશે.

• પર્યુષણ પર્વ દરમ્યાન બુધવાર, તા.૨૦-૮-૨૦૨૫ અને બુધવાર, તા.૨૭-૮-૨૦૨૫ ના મેડિકલ સહાય સેવા માટે કાર્યાલય બંધ રહેશે. લાભાર્થીઓ નોંધ લેવા વિનંતી.લિ.મંત્રીઓ.

4/1/1(29) -------- (A-8896)(1-3)



**મંજલ રેલડીયા** (હાલે : નાગપુર)ના ***અ.સૌ. રંજનબેન લક્ષ્મીચંદ ગોસર*** (ઉં.વ. ૭૧) તા. ૧૦-૮-૨૦૨૫ના ટૂંકી માંદગીથી અવસાન પામ્યા છે. માતુશ્રી ખેતબાઈ રતનશી રવજીના પુત્રવધુ. લક્ષ્મીચંદના ધર્મપત્ની. અમી, મનીષના માતુશ્રી. હિમાંશુ પટેલ, જાગૃતિના સાસુ. હીર, કેયા, શીવેનના નાની. ચંદ્રકાંતના ભાઈપત્ની. શાંતિલાલ, ગિરીશ, ચાંગડાઈના તારાબેન વસનજી, રાયધણજારના ઝવેરબેન પ્રેમજી, ડોણના મણાબેન દિલીપના ભાભી. ચંદનબેનના દેરાણી. નવલ, ભારતીના જેઠાણી. ખારુઆના માતુશ્રી લક્ષ્મીબાઈ શિવજી કારાણીના પૌત્રી. સાકરબાઈ મુરજીના સુપુત્રી. ખારુઆના ભાણબાઈ વેરશીના દોહિત્રી. ગુલાબ, વિનોદ, દીપક, પુષ્પાના બેન. ગીતા, વાસંતી, ભાવનાના નણંદ. ઉનડોઠના સુંદરજી મુરજીના સાળી. અમરેલીના મધુબેન મનહરભાઈ, પન્નાબેન હસમુખભાઈના વેવાણ. ***પ્રાર્થના રાખેલ નથી.*** નિવાસ : લક્ષ્મીચંદ ગોસર : ૪, મહર્ષિ કપિલ એપાર્ટમેન્ટ, સ્વાવલંબી નગર, અંબાજરી રોડ, નાગપુર-૪૪૦૦૨૨, લક્ષ્મીચંદ-૯૩૭૩૧૧૩૩૯૦, મનીષ-૯૩૭૩૧૦૬૨૭૦, અમી-૯૪૨૨૧૯૦૭૭૩.

4/1/1 -------- (1-4)



**દેવપુર**ના ***હીરાચંદ પ્રેમજી તેજપાર ગાલા (માલાણી)*** (ઉ. ૭૧) તા. ૧૨/૮/૨૫ના રોજ અવસાન પામેલ છે. દેવપુરના નાનબાઈ પ્રેમજીના પુત્ર. કોટડા (રોહા)ના હાંસબાઈ મુરજીના દોહિત્ર. કોટડા (રોહા)ના પાનબાઈ કુંવરજીના જમાઈ. કોટડા (રોહા)ના મકાંબાઈ વેરશી રાયશીના દોહીત્રી વર. લક્ષ્મીબેનના પતિ. ભાવેશના પિતા. અર્પીના સસરા. રુહીના દાદા. વિનોદ સુરેશ નાગલપરના નીતા ગીરીશના ભાઈ. વાસંતીના જેઠ. ડીંપલ, પારસ, માનસીના મોટા બાપા. આદીના મામા. કોટડા (રોહા)ના ચંદુલાલ, જયેશ, નાગ્રેચાના પ્રિતી કિશોરના બનેવી. ભાવના હંસાના નણંદોઈ. નારાણપરના મયુરી અર્પિત, જય, પ્રિયંકા, જીતના ફુઆ. મોક્ષ, ત્રિશાના માસા. કોડાયના ભાવના તનસુખ લાપસીયાના વેવાઈ. ***પ્રાર્થના રાખેલ નથી.*** ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. લક્ષ્મી ગાલા, વરલી બી.ડી.ડી. ચાલ નં. ૬૮, રૂમ નં.૩, ભાગોજી વાઘમારે રોડ, વરલી, મુંબઈ-૧૮. ભાવેશ : ૯૮૯૨૫૩૭૬૨૦, લક્ષ્મી : ૯૦૦૪૭૩૩૯૯૭, અર્પી: ૮૧૬૯૬૬૬૧૭૮.

2/1/1 -------- (1-5)

**॥ નેત્રદાન માટે મૃત્યુબાદ તુરંત સંપર્ક કરો ॥**
**સુ-મતિ ગ્રુપ-મુલુંડ (ઈ.) ૯૮૨૦૦૫૨૯૩૬**



**છસરા**ના ***લાલજી કુંવરજી ગેલા ગાલા*** (ઉ.વ.૭૯) તા.૯/૮/૨૫ ના માંદગીથી અવસાન પામેલ છે. માતુશ્રી વેલબાઈ કુંવરજી ગેલા ગાલાના સુપુત્ર. અમૃતબેનના જેઠ. ભારતી, ભાવેશના બાપા. હિરલ, હર્ષના મોટા નાના. ગુંદાલા ના સ્વ.ભાણબાઈ ભીમશી, મોખા ના સ્વ. ઉમરબાઈ ડુંગરશીના ભત્રીજા. ગુંદાલાના મઠાબાઈ વરજાંગના દોહિત્ર. પ્રેમજી કુંવરજીના ભાણેજ. રતાડીયા ગ. ના સુંદરબેન ગાંગજી, છસરા ના સ્વ.પોપટલાલ કુંવરજી, સ્વ.સાકરબાઈ નાનજી, લુણી ના લક્ષ્મીબાઈ વીશનજી, બેરાજા ના સ્વ.રતનબેન ખેતશી, સ્વ.શાંતી, સ્વ.ઉત્તમ, ગુંદાલા ના સ્વ.ચંચળબાઈ બાબુભાઈ ના ભાઈ. રતાડીયા ગ. ના ધીરજલાલ મગનલાલ છેડા ના કાકાઈ સસરા. ટુંડાના મીત અશ્વીન સાવલાના નાનાઈ સસરા. ***પ્રાર્થના રાખેલ નથી.*** ઠે. પ્રકાશ સાવલા, ૧૦૨, એ વીંગ, શીવ આશીષ બીલ્ડીંગ, ગોગ્રસવાડી, ડોંબિવલી(ઈ), ૪૨૧૨૦૧. કિશોર સાલીયા - મો.૯૧૬૭૧૩૮૩૪૮, પ્રવિણ સોની- મો.૯૮૭૦૧૦૪૬૩૬, પ્રકાશ સાવલા -મો.૯૮૩૩૪૦૯૩૭૩.

2/1/1 -------- (1-6)



**રામાણીયા**ના ***અમરતબેન નાગડા*** (ઉ.૯૩) ૯/૮ના અવસાન પામેલ છે. તે વેજબાઈ લાલજી મુરજી નાગડાના પુત્રવધુ. શીવજી (ગગુભાઈ)ના પત્ની. ચાંપશી, લખમશી, દામજી, લી. અ. સંપ્રદાયનાં વસુધાબાઈ મહાસતીજી, હેમલતાના મોટા ભાભી. હંસા, દમયંતી, અમરતના મોટા જેઠાણી. ભુજપુર પ્રેમજી સોજપાર ગડા, ડેપા પ્રેમચંદ રામજી સાવલાના સાળાવેલી. પુષ્પા, નિતીન, ડો. જયેશ્રા, રક્ષા, સીએ ચેતન, વર્ષા, રાજેશ, પ્રિતી, મનોજ, ચેતના, નિલેશ, વર્ષા, ઉષા, ઉત્તમ નાં વડી માં. નિતા, મીના, વર્ષા, રૂપલ, દીવ્યા, ના. ખાખર ડો. રોહિત સાવલા, લુણી કાંતિ ધરોડ, વડાલા સીએ કિરણ નિસર, ટુંડા પંકજ ગોગરી, નાંગલપુર સ્વ સુરજ શાહ, કોડાય બિપીન ગાલાનાં વડીમાં સાસુ. દેશલપુર પાનબાઈ કોરશી હીરા દેઢીઆનાં પુત્રી. વિજપાર હીરાનાં ભત્રીજી. દેશલપર લક્ષ્મીબેન કેશવજી ગાલા, ફરાદી દેવકાબેન કુંવરજી સાવલા, કારાઘોઘા દેમુબેન દામજી છેડા ના બહેન. કલ્યાણજી, નવિન, લખમશી, પોપટલાલ, અમૃતલાલ, જયંતિલાલ, જેઠાલાલ, અશોક, વિનય, રોહિત, દીવાળી, સુશીલા, વિમળા, મંજુલા, ભાવીની નાં માસી. ***પ્રાર્થના રાખેલ નથી.*** ઠે. નિલેશ નાગડા, ૧૦૨ અરનાથ બિલ્ડીંગ, જૈન મંદીર માર્ગ, સર્વોદય નગર, મુલુંડ (વે.), ૮૦. નિલેશ-૯૩૨૪૯૭૭૯૪૩.

2/1/1 -------- (1-5)



**પત્રી**ના ***ઝવેરબેન ખીમજી વેલજી ધરોડ*** (ઉ.વ. ૯૬) તા. ૧૨-૮ના સંથારાના ૧૧માં ઉપવાસે સમાધિપૂર્વક દેહ ત્યાગ કરેલ છે. સ્વ. ખીમજી વેલજીના ધર્મપત્ની. વેલબાઈ-પુરબાઈ વેલજીના પુત્રવધુ. પ્રવિણ, નવિન, હસમુખ, અરૂણાના માતુશ્રી. લતા, હર્ષા, નીતા, કાંડાગરા જીતેન્દ્રના સાસુ. પ્રતીક, નેહા, મનાલી, મયંક, પરીન, ભક્તિના દાદી. શ્વેતા, જીગરના નાની. પ્રિયા, ચાર્મી, ભુજપુરના મયુર, સાતારાના ગણેશના દાદી સાસુ. પુજા, રતાડીયા (ગ.) કેકીનના નાની સાસુ. દીવીત, ત્વીશા, ખનક, આર્વી, વાયુના પરદાદી. ધીયાન, ધર્વના પર નાની. માંઘીબેન લાલજી, હેમલતા હરીલાલ, કસ્તુર પ્રેમજીના ભાભી. વાંકીના માંઘીબેન વેલજી, રતાડીયા (ગ.) મેઘબાઈ-સાકરબાઈ વશનજીના ભાભી. ભોરારા હાંસબાઈ દેવજી પરબતના સુપુત્રી. ખીમજી, લક્ષ્મી, હેમકુંવર, દેવકા, જયંતીલાલ, લક્ષ્મીચંદના બહેન. ચંચળ, અનીલાના નણંદ. લાખાપર લાલજી લખમશી, વાંકી ખીમજી રામજી, કપાયા મણીલાલ હરશીના સાળી. આમરડીના જયરામ પટેલના બેન તુલ્ય. ભુજપુર રૂક્ષ્મણી હંસરાજ, કોડાય મણીબેન પ્રેમજી, ના. તુંબડી સરલા રતનશી, કાંડાગરા લક્ષ્મીબેન રાઘવજીના વેવાઈ. ***ગુણાનુવાદ સભા રાખેલ નથી.*** નિ. હસમુખ ધરોડ, ૨૦૩, પાર્ક રેસિડેન્સી, દત્તપાડા રોડ, બોરીવલી (ઈ.) ૬૬. મો. હસમુખ-૯૮૩૩૩૦૯૪૪૦, પ્રવિણ-૯૬૬૪૯૦૩૩૭૩.

4/1/1 -------- (1-8)

**આસો માસની શાશ્વતી આયંબીલની ઓળી કરીએ કર્મોની હોળી (કોડાય)**

કોડાય કાશી નગરે શ્રી પાર્શ્વચંદ્રગચ્છવરિષ્ઠ પ.પૂ. મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા. ના આશીર્વાદ અને યોગનિષ્ઠ પ્રવર્તક પૂ.મુનિશ્રી પાર્શ્વયશચંદ્રજી મ.સા.ના આજ્ઞાનુવર્તિની શાસનપ્રભાવિકા પ્રવર્તિની પ. પૂ.ખાંતિ ૐકારશ્રીજી મ.સા.ના શિષ્યા અધ્યાત્મરત્ના પૂ.સા.પદ્મરેખાશ્રીજી મ.સા. આદિ ઠાણા - ૩ ની નિશ્રામાં આસો માસની આયંબીલની ઓળી તા. ૨૯-૯-૨૦૨૫ થી આસો સુદ પુનમ તા. ૭-૧૦-૨૫ માં થશે. શ્રી નવપદજી ઓળી ઉર્જાનો ધોધ, શ્રી નવપદજી એટલે આંતરિક અજવાળા પાથરતું પ્રકાશ પર્વ, શ્રી નવપદજી ઓળી પરમ સાથેના મિલનની પગદંડી. ૨૦૨૫ ના આસોમાસની શાશ્વતી આયંબીલની ઓળીના લાભાર્થી

• કુમારી ભાવનાબેન પુષ્પાબેન હરીલાલ લાલન હસ્તે શ્રીમતી લીનાબેન હર્ષદ લખમશી રાંભીયા પરિવાર (રામાણીયા) એ લીધેલ છે. લાભાર્થીની ભુરી ભુરી અનુમોદના સાથે આભાર. સર્વ ગામવાસીઓ તથા નિયાણી બહેનોને આયંબીલની ઓળી કરવા સ્થાનિકે પધારવાનું ભાવભર્યું આમંત્રણ છે. લિ. ટ્રસ્ટીઓ, શ્રી કોડાય વિશા ઓસવાલ જૈન મહાજન- કોડાયના જય જીનેન્દ્ર.

2/1/1(32) -------- (A-8906)(1-9)

# જીવદયા અનુદાન

**શ્રી મેઘજી સોજપાલ જૈન આશ્રમ, કચ્છ-માંડવી (પ્રેરકઃ મુનીશ્રી શુભવિજયજી)**

● (ગૌશાળા માટે અનુદાન ભેટ) માંડવીના મમતાબેન પારેખ તરફથી લીલી મકાઈ ૨૧ મણ

● ગામ - ભુજપુરના અદિતી ઉમંગ વીરાના જન્મ દિ. નિમિત્તે લીલી મકાઈ ૧૦ મણ

● ગામ - માંડવીના મમતાબેન પારેખ તરફથી લીલો ચારો- ૧૧ મણ ભેટ મળેલ છે.

● (આશ્રમ માટે) ગામ - પૂનડીના રોહિત પ્રેમજી છેડા તરફથી તેલ - ૧ (ડબો) સાકર - ૧૫ કિલો તથા ઘઉં ૧૫ કિલો

● ગામ - માંડવીના મમતાબેન પારેખ તરફથી ૧૦૦ કિલો ચોખા દાનમાં ભેટ મળેલ છે. દાતાઓનો ખૂબ ખૂબ આભાર. લિ. પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ. ટે. 9004646044 / 022-66153404.

2/1/1(8) -------- (A-8655)(2-1)

**રતાડીયા ગૌશાળા પાંજરાપોળ ૪૦૨, સૈયા હાઉસ, ૨૭૯, ભાતબજાર, મું.૯**

● ૫૪૦૦/- શ્રી નાગજી ભાણજી છેડાની બીજી પુણ્યતિથિ નિમિત્તે - લાયજા-સાયન.

● ૫૧૦૦/- સ્વ. માતુશ્રી નાનબાઈ નાનજી જેઠાભાઈ સંગોઈનાં સ્મરણાર્થે : કપાયા હાલે લાતુર.

● ૫૦૦૦/- શ્રી ઠાકરશી પદમશી ગાલા : વડાલા-મલાડ

● ૫૦૦૦/- માતુશ્રી નાનબાઈ નાનજી સંગોઈનાં સ્મરણાર્થે : કપાયા-લાતુર હ. શ્રીમતી ચંદનબેન જાદવજી કાનજી છેડા : રતાડીયા (ગ.) ચેમ્બુર.

● ૨૦૦૧/- શ્રી ભાવિન તલકશી છેડા : રતાડીયા (ગ.) કાંદીવલી.

● ૨૦૦૦/- શ્રીમતી કુસુમબેન કાંતીલાલ છેડાનાં જન્મ દિવસ નિમિત્તે હ. હેમલ કાંતીલાલ છેડા-રતાડીયા (ગ.) ડોંબવલી.

● ૨૦૦૦/- Believe in Giving Group હ. હાર્દિકભાઈ-ભાયંદર

● ૧૧૦૦/- માતુશ્રી નાનબાઈ જયંતીલાલ છેડા : મુંદ્રા-પાર્લા.

● ૧૧૦૦/- માતુશ્રી ઉર્મીલાબેન ભવાનજી છેડાની ૩૩મી પુણ્યતિથિ નિમિત્તે રતાડીયા (ગ.) વાશી

● ૧૦૦૦/- જીતીનભાઈ પોપટલાલ વીરા : રતાડીયા (ગ.) ચેમ્બુર

● ૧૦૦૦/- ચંદુભાઈ નારાણભાઈ જોગી - રતાડીયા (ગ.)

● ૧૦૦૦/- ભાનુબેન પ્રફુલ મેઘજી શીવજી સાવલા - રતાડીયા (ગ.)

● સર્વે દાતાશ્રીઓનો ખુબ ખુબ આભાર. CRS 80-G નો લાભ મળશે. લિ. મંત્રીઓ : મો. ૯૮૨૦૪૪૫૭૫૭. સૌ. દેઢીયા જ્વેલર્સ, માટુંગા (સે.રે.)

4/1/1(3) -------- (A-8879)(2-2)




**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર**
**એન્કરવાલા અહિંસાધામ - ૭૦૪૫૪૩૫૫૪૫**

૨૫૦૦/- નીર્મળાબેન નાનજી ગડાની પૂ.તિ. નિ. હ. રવીશ નાનજી ગડા-માટુંગા-વડાલા, ૧૫૦૦/- જીતેન્દ્ર જેઠાલાલ વિકમ ના જ.દિ.નિ. થાણા-મોટી ખાખર, ૧૫૦૦/- આશા જયેશ વિસરીયાના જ.દિ. નિ. ડોંબીવલી-રાયધણજર, ૧૧૦૦/- હરખચંદ પ્રેમજી છેડાની પૂ.તિ.નિ. હ. હિનાબેન હરખચંદ છેડા-દાદર-દેશલપુર, ૧૧૦૦/- હેતલ અજીત વીરાના લ.દિ.નિ. - ગ્રાંટરોડ-ભીસારા, ૧૧૦૦/- કેતન નવીન કેનીયાના જ.દિ.નિ. - દાદર - બારોઈ, ૧૧૦૦/- રમેશ હિરજી સાવલાના જ.દિ. નિ. પરેલ - વાંકી, ૧૧૦૦/- અલ્પા બિરેન કેનીયાના જ.દિ.નિ. કાલબાદેવી - બારોઈ, ૧૧૦૦/- હાર્દિક શાંતીલાલ ગાલાના જ.દિ.નિ. દાદર-તલવાણા. લિ. વિપુલ વિશનજી નાગડા-લઠેડી, બિપીન મોરારજી દેઢીયા-તલવાણા.

● જા.ખ.સૌ. ભાનુ પ્રોપર્ટીઝ શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા - બોરીવલી-ગેલડા.

2/1/1(24) -------- (A-8902)(2-2)

**VULCAN INDIA CCTV**

Cameras, Biometric, Walky Talky, Fire Alarm, Installation & Amc at Wholesale Rates. Ritesh Dharod (Luni) - 9820608929 / 9619616103.

2/1/1(11) -------- (B-8871)(2-3)

**ભગવાન મહાવીર પશુ રક્ષા કેન્દ્ર**
**એન્કરવાલા અહિંસાધામ ૯૭૨૬૪૮૫૫૫૫**

● ૧૭૪૦૦/- તરૂણ રતનશી ગાલા-મલાડ-પ્રાગપુર

● ૫૫૫૫/- હસુમતીબેન મગનલાલ દેઢીયાના ૧૩/૭ના - ૫૮

● ૫૦૦૦/- નમ્રતા સુરેશ વિકમના જ.દિ. નિ. થાણા-મોટી ખાખર, ૨૨૫૦/- મોનીલ વલ્લભજી ગોસર હ. ઉષાબેન મહેશભાઈ ગાલા-કલ્યાણ-દેવપુર, ૨૫૦૦/- નીતીન ધનજી કેનીયાના જ.દિ.નિ. ઘાટકોપર- બારોઈ, ૨૦૦૦/- મહેશભાઈ એલ. સાવલા-કલ્યાણ-કોટડા રોહા, ૨૦૦૦/- શ્રી રત્ન જ્યોત ક્લોથ સ્ટોર્સ - કલ્યાણ-દેવપુર, ૨૧૦૦/- નયના શાંતીલાલ છેડાના જ.દિ.નિ. હ. શાંતીલાલ ગાંગજી છેડા-માટુંગા-લાયજા, ૧૧૧૧/- વાસંતીબેન નેમજી છેડાના જ.દિ.નિ. વડાલા-ડેપા. લિ. જીતેન્દ્ર ગાંગજી વોરા-નારણપુર, પંકજ માવજી વોરા-મુંદ્રા.

● જા.ખ.સૌ. ભાનુ પ્રોપર્ટીઝ શ્રીમતી રીટાબેન હરેશભાઈ વોરા - બોરીવલી-ગેલડા.

2/1/1(25) -------- (A-8901)(2-4)

**કોમ્પ્યુટર ઓપરેટર જોઈએ છે**

દાદર (ઈ.)માં રેડીમેડ ગારમેન્ટ રીટેલ દુકાન માટે કોમ્પ્યુટર ઉપર બીલ બનાવી શકે અને ઓનલાઈન ડિઝીટલ મારકેટીંગ માટે સ્માર્ટ, હોશિયાર, અનુભવી તથા દુકાન માટે સેલ્સમેન જોઈએ છે. સંપર્ક : અનુપ દુબે : 9833225174.

2/1/1(2) -------- (N-8854)(2-5)

# શૈક્ષણિક

**ગામ : કપાયાનાં મણીબેન સંગોઈને ભાવપૂર્વક શ્રધ્ધાંજલી - સોનગઢ રત્નાશ્રમ**

સોનગઢ રત્નાશ્રમ એટલે ઉત્તમ માનવી તરીકેનું જીવન જીવવાની કળા પીરસતી માતા. એક માત્ર એવી સંસ્થા કે જ્યાં વિદ્યાર્થીઓએ પરીક્ષામાં મેળવેલ ગુણ કરતા જીવનમાં કેળવેલ ગુણને વધુ મહત્વ અપાય છે. શ્રેષ્ઠ શિક્ષણની સાથે સાથે ઉચ્ચકોટીનાં મુલ્યો તથા સિધ્ધાંતોને વિદ્યાર્થીમાં રોપવામાં આવે છે. ગામ : કપાયા-વડોદરાનાં મણીબેન વિશનજી સંગોઈની તા. ૮-૮-૨૦૨૫નાં રોજ ૧૧મી પુણ્યતિથિ નિમિત્તે હસ્તે શ્રી વિશનજી માણેક સંગોઈ પરીવાર તરફથી સોનગઢ રત્નાશ્રમની વિદ્યાદાતા યોજનામાં રૂા. ૧૧૦૦૦/- નું અનુદાન આપી સ્વજનની સ્મૃતિને કાયમ કરી. જ્યાં સમાજનાં બાળકો શિક્ષણ રૂપી જ્યોતને પ્રજ્વલ્લિત રાખે છે. લિ. અમીત લક્ષ્મીચંદ ગોગરી-ભૂ.વિ.મંડળ સભ્ય-કપાયા-૭૦૩૯૧૪૯૮૬૫.

4/1/1(19) -------- (A-8887)(2-6)

**શ્રી નવકાર મહામંત્ર જાપ**
**નમીનાથ - પાયધુની**

● શ્રી નમસ્કાર મહામંત્રના પદોમાં નમો. દરેક વખતે નમો નમો બોલવાથી શું ફાયદો?

● દરેક વખતે નમો નમો બોલો એટલે નવું નવું પુણ્ય ઉપાર્જન થાય છે.

● પુણ્ય કર્મ કરતા પુણ્યની અનુમોદના ચઢી જાય છે.

● ભાવ નમસ્કારમાં મનના ભાવોના સંકોચની-અહંકાર, અવિનયાદિ દુર્ભાવોના ત્યાગ સહિત મનના સંકોચની ક્રિયા રહેલી હોવાથી તેમાં મનોગુપ્તિ પણ રહેલી છે

● નમો ના ઉચ્ચારણ સાથે અરિહંતાદિના ઉચ્ચારણ સીવાય કશું ઉચ્ચારણ ન હોવાથી તેમાં વચનગુપ્તિ પણ રહેલી છે.

● આમ, ત્રણે પ્રકારની ગુપ્તિ સંકળાયેલી છે.. નમો માં નમવાનો-નમનનો ભાવ છે.

● નમન એટલે ન-મન : મન પોતાના સાંસારિક ભાવોમાં ન રહે, તે ન-મન એટલે, નિર્વિકલ્પ દશા.

● મન જ્યારે પરભાવમાંથી નીકળી સ્વભાવમાં સ્થિર થાય ત્યારે નમન બને છે. નમો નું આ રહસ્ય છે. શ્રી નવકાર મહામંત્ર ના ભાષ્ય જાપ પરમ સાધક શ્રી જયંતભાઈ 'રાહી' ના દિવ્ય આશિષ અને સંગીત ના સથવારે રવિવારે તા-૧૭-૦૮-૨૦૨૫ ના રોજ શ્રી નમીનાથ જીનાલય પાયધુની ખાતે સવારે ૭-૩૦ કલાકે છે મણકો-૨૯૮ લાભાર્થી

● શ્રીમતી મંજુલાબેન ધનરાજ પોપટલાલ સંગોઈ (ધનરાજભાઈ ના ૭૩ માં જન્મ પ્રવેશ. નિમિત્તે) હ. પૂર્વી ભાવીન ધનરાજ, ચાર્મી પરીન ધનરાજ એવમ સમસ્ત પરિવાર

● માતુશ્રી જસંવતિબેન નવીનચંદ્ર ચુનીલાલ શાહ (શ્રી નવીનચંદ્ર ભાઈ ની ૬ પુન્યતિથિ નિમિત્તે તેમના આત્મા શ્રેયાર્થ.) હ. એડવોકેટ. રીટા સંદીપ શાહ એવમ સમસ્ત પરિવાર

● તો સૌ શ્રી નવકાર પ્રેમી આરાધકો સફેદ વસ્ત્ર પરિધાન કરીને સમયસર પધારવા વિનંતી જાપ ની પુર્ણાહુતી બાદ નવકારશી નો લાભ આપશોજી.

● લિ. શ્રી નેમીનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ વતી : ધનરાજ પોપટલાલ સંગોઈ-કોડાય-ઘાટકોપર ફોન : 23432755 / 9653116858.

● વેલે પાર્કીંગની વ્યવસ્થા રાખવામાં આવી છે.

2/1/1(20) -------- (A-8884)(2-7)

**ખબર પત્રિકામાં પ્રસિધ્ધ થતી વ્યક્તિગત કે સામૂહિક, સંસ્થાકીય કે વ્યાવસાયિક જાહેરાતો અને નિવેદનો તેમના પોતાના હોય છે, એમાંથી ઉદ્‌ભવતાં પરિણામો વિશે ખબર પત્રિકા સમિતિ જવાબદાર નથી.**

# SHREE C.V.O.D. JAIN MAHAJAN MUMBAI

Sanchalit

# SHREE C.V.O.D. JAIN PATHSHALA TRUST

SHREE C.V.O.D. JAIN PATHSHALA TRUST
Estd. 1905

## Happy Independence Day

**The Flag Hoisting Ceremony on the Occasion of Independence Day on Friday, 15th August 2025**

:: Hon'ble Chief Guest ::

## Shri Bipin Amarchand Gala

(Rayan - Mumbai - Navneet Parivar)
Chairman
Shree C.V.O.D. Jain Mahajan Mumbai

| 08.15 am | 08.30 am | 08.45 am | 09.45 am |
|---|---|---|---|
| Welcome & introduction of chief guest | Flag Hoisting by Shri Bipinbhai A. Gala | Cultural Program, Dance Choir-Patriotic Song by students. | Vote of Thanks |

:: Venue ::

**Orchids The International School,** (Palagaly School)
84, Samuel Street, Mumbai - 400009.

### Principal
### Orchids The International School

&

**SHREE C.V.O.D. JAIN MAHAJAN-MUMBAI**

- Shri Bipin Amarchand Gala ............Chairman
- Smt. Alkaben Kantilal Rambhia ......President
- Shri Chetan Kheraj Dedhia.............Managing Trustee
- Shri Manoj Navin Vora....................Managing Trustee
- Shri Vipin Umarshi Ganger.............Managing Trustee
- Shri Ketan Vallabhji Gada...............Managing Trustee

**CORE TEAM**

- Shri Sunil Dungarshi Gala
- Shri Manish Padamshi Jagani
- Shri Ullash Vallabhji Gala

**SHREE C.V.O.D. JAIN PATHSHALA TRUST**

- CA Mukesh Dhirajlal Dedhia........Chairman
- CA Laxmichand Nanji Maru .........Managing Trustee
- CA Navin Chapshi Shah ...............Trustee
- CA Bharat Laxmichand Nagda .....Trustee
- Adv. Manish Padamshi Jagani .....Trustee
- Shri Kanji Shamji Khimsaria.......President
- Shri Vishal Ratilal Rambhia ........Vice President
- Shri Kapurchand Meghji Gala .....Secretary
- CA Rajen Talakshi Gala ...............Secretary
- Shri Suresh Dhanji Gangar .........Secretary

& Managing Committee Members

**દેશ વિદેશ કુરિયર 24x7**

સાઉથ આફ્રિકા, કેન્યા, નાઈઝેરિયા, મોઝામ્બિક, યુગાન્ડા, મોરેશિયસ, તથા બીજા આફ્રિકન દેશોમાં documents, કુરિયર, ખાવાપીવાની અને અન્ય ચીજવસ્તુઓ તેમજ એક્સપોર્ટરો/ઈમ્પોર્ટરો માટે Sample / Freight Economic/ Express Service થી મોકલવા લાવવા અનુજ લક્ષ્મીચંદ સંગોઈ (નાંગલપુર)ને ફોન / WHATS APP કરો - Vacuum Packing Available. Free Pick Up Service PAC n DELIVER M. 8879991866. anuj@pacndeliver.com 20 Years of Quality Service.

2/1/1(9) -------- (B-8565)(4-1)

**કબજિયાત ગેસ અપચો, બહાર આવેલો પેટ, માનવ સેવા હેતુ માત્ર ૫૫૦ રૂ**

પ્રણામ શરીર શુધ્ધિ ચુર્ણ જુનામાં જુની કબજીયાત નીકળી જશે, ખોરાક બરાબર પાચન થશે, ગેસ અને વાયુ ના કારણે થતાં શરીર ના દુખાવામાં ખૂબ જ ઉપયોગી છે, હીમોગ્લોબીન વધશે, બલ્ડકલોટ કોલેસ્ટ્રોલ નીકળી જશે હાર્ટઅટેક થી બચાવે અને ૮૦ કરતા પણ વધુ બીમારીઓ માં કામ આવે છે એવું અકસીર ચુર્ણ નું રાહત દરે વિતરણ ચાલુ છે લાભ લેશોજી સંપર્ક : મુલુંડ નાગરીક સ્ટોર્સ 9322899766 ઘાટકોપર ઈસ્ટ ફુડસ્પોટ 9820042883 હિંદમાતા દાદર સાંતાક્રુઝ પ્રિયંકકુમાર સારીઝ 9820785289 નાલાસોપારા કેવીઓ ગૃહ ઉદ્યોગ 9820852668 બોરીવલી વેસ્ટ જનતા સ્ટોર્સ 269042000.

4/1/1(7) -------- (B-8826)(4-2)

**રીયલ ઘરચોળાનો વિશ્વાસ**

ટેસ્ટેડ, સેમી, રીયલ ઘરચોળા, ડીઝાઈનર ઘરચોળા બોર્ડર બ્લાઉસ સાથે, બનારસી દુપટ્ટા-બાંધણી હોલસેલ ભાવમાં 'તુલસી' ઘાટકોપર 9819004896, જુના રીયલ ઘરચોળા રોકડા Exchange માં લેશુ.

2/1/1(1) -------- (B-8864)(4-3)

**ફક્ત ૫% ઓછા ક્લેમમાં ૧૦ લાખની હેલ્થ પોલિસી સસ્તા દરે**

૩ થી ૫ લાખની હેલ્થ પોલિસીમાં ખૂબ જ કપાત થાય છે રૂમ રેન્ટના લીધે. હમણાં દરેક કંપનીના પ્રીમીયમના દર ખૂબ જ વધી ગયા છે. આવા સમયે જો મોટી પોલીસી ન લઈ શકતા હોય તો એના માટે એક ઉત્તમ પર્યાય ઉપલબ્ધ છે. વીમા ક્ષેત્રે ૨૫ વરસના અનુભવી પ્રોફેશનલ એડવાઈઝરને એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : હંસા મોતા (ભુજપુર) MDRT ( USA) 9324040850 / 9821485719.

2/1/1(6) -------- (B-8809)(4-4)

**ક્રીસ્ટલ ક્લીયર આંખની હોસ્પીટલ (અંધેરી-વે) (હવે ગ્રાઉન્ડ ફ્લોરમાં, નાડકોની બાજુમાં)**

આંખ ની સંપૂર્ણ સારવાર (આપણા સમાજ માટે) ૧૫,૦૦૦ થી ૧,૩૫,૦૦૦ સુધી ના ઓપેરશન માટે 0% EMI ફેસિલિટી મળશે (પૂર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી ), સંપૂર્ણ મેડિકલેઈમ કવરેજ મળશે, એલિજિબલ ઈન્સુરન્સ કંપની ની કેશલેસ્સ સુવિધા મળશે. ફોન : 7718885245. (લેસિક સર્જરી ફક્ત ૧૫,૦૦૦/-માં) (ચશ્માથી મુક્તિ મેળવો ફક્ત ૧૫,૦૦૦/-માં) લોકેશન : બી-૧૨૫, ગ્રાઉન્ડ ફ્લોરમાં, લારામ સેન્ટર, સુનિલ જ્વેલર્સ ની પાછળ, નાડકોની બાજુમાં એસ. વી. રોડ, અંધેરી વેસ્ટ રેલ્વે સ્ટેશનની સામે. ડો. જીગ્નેશ મણશીભાઈ અવચર ગાલા (મોતિયાના અને આંખના પડદાના ડોક્ટર).

4/1/1(4) -------- (B-8794)(4-5)

**ઓલ્ડ ઈઝ ગોલ્ડ એમ્બ્રો. માટે ૪૭ વરસથી મહાવીર - માટુંગા**

સાચી જરીની સાડીઓ બટ કસબનાં ચ. ચોલી ઘરચોળા, કસબના પટા આરીની સાડીઓ સાચા બનારસી અને કાંજીવરમ સેલા સાચી જરીનાં પીસીસ. સારા ભાવે વેંચાતા લઈશું. કચ્છી ભરત × સ્ટીચ ની સાડીઓ, ચણીયા ચોલી સીલ્ક ઉપર બનાવેલા લઈશું. શ્રી મહાવીર એમ્બ્રો. HDFC બાજુમાં, માટુંગા (સે.રે.), ૮૬૫૨૨૩૯૫૩૭, ૯૮૩૩૯૧૬૫૧૦. સોમ બંધ.

4/1/1(17) -------- (B-8890)(1-5)

**ઘર બેઠા તમારી સાચી જરીના માલની રોકડી કરો**

- સાચી જરીની સાડી-ચણીયા ચોળી
- સાચી જરીના ઘરચોળા-બોર્ડર-બ્લા
- સાચી જરીના સેલા- કાંજીવરમ- પૈઠણી
- સાચી જરીની બટકસબ તથા આરીવર્કની સાડી-ચણીયા ચોળી
- સાચી જરીના દેરાસર તથા માતાજીના મંદીરના ચંદરવા-પોઠીયા
- સાચી જરીની છુટ્ટી ટીકી-સુરમો-કસબ-ઘુઘરી
- બજાર કરતાં વધારે ભાવ આપવાની ગેરંટી સાથે વેંચવા લઈ આવો.
- અગર તમે અમારી દુકાને ન આવી શકતા હો તો અમને એક ફોન કરો. અમે તમારા ઘરે આવીને તમારી સાચી જરીની Item પ્રમાણે રોકડા પૈસા આપીશું.
- બીજે ક્યાંય જતાં પહેલા અવશ્ય અમારા શો-રૂમની મુલાકાત લો.
- Free Home Visit any Where any Time
- રોકડા પૈસા સંતોષ કારક વળતર - One Shot Final મહાવીર સારીઝ, મોદી ચાલ, Shop No.2, સ્ટેશન રોડ, સાંતાક્રુઝ (w) Opp. "SEASON'S" શો-રૂમ (રવિવાર બંધ). M.: 9137146272 - 9619554801.

4/1/1(1) -------- (B-8587)(4-6)

**જે એમ જી ક્લીનીક હવે અંધેરી સ્ટેશન પાસે**

મફત દાંતનું ચેક અપ, દાંતની સંપુર્ણ સારવાર મળશે. સવારે ૯ વાગ્યે થી સાંજે ૯ વાગ્યા સુધી (9 am to 9 pm) ફુલ માઉથ ડેન્ટલ ટ્રીટમેન્ટ મળશે રાહત દરે. (પુર્ણ પેકેજ માટે સંપર્ક કરો જે. એમ.જી. ક્લીનીકને) 0% EMI ફેસીલીટી મળશે. (પુર્ણ ચાર્જ ભરવાની જરૂર નથી.) રાહત દરે બધી જ દાંતની ટ્રીટમેન્ટ મળશે. આપણાં સમાજ માટે અને ઈતર સમાજ માટે. દાંતનું ચેક અપ મફત. દાંત કાઢવાના - ૩૦૦/- (ઓપરેશન વગર). રૂટ કેનાલ - ૧૦૦૦/-. એક્રેલીક દાંતની કેપ - ૪૦૦/-. સીરામીક કેપ - ૨૦૦૦/-. ઝેરકોનીયા કેપ - ૫૨૦૦/-. દાંતની બત્રીસી - ૯૦૦૦/-. ડેન્ટલ ઈમ્પલાન્ટ - ૨૨૦૦૦/-. દાંતના ડોક્ટર : ડો. સોનાલી. સંચાલક : માણશીભાઈ ગાલા, જે.એમ.જી. ક્લીનીક (અંધેરી વેસ્ટ) લોકેશન : એ૧-૨૦૨, ક્રિસ્ટલ ક્લેર આઈ એન્ડ ડેન્ટલ ક્લીનીક, લારામ સેન્ટર, સુનીલ જ્વેલર્સની ઉપર, નાડકો શોપીંગની બાજુમાં, એસ.વી.રોડ, અંધેરી વેસ્ટ રેલ્વે સ્ટેશનની સામે. ફોન : 8433742300, 7718885245.

4/1/1(5) ------ (B-8801)(4-7)

**શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન સંઘ અંબરનાથ**

શ્રી અંબરનાથ સંઘ આયોજીત શ્રી અંતરીક્ષ મહાતીર્થ મુકામે સામુહિક અઠ્ઠમ તપ આરાધના ના ફોર્મ લેવાની છેલ્લી તારીખ ૧૫ ઓગસ્ટ ૨૦૨૫ છે. એના પછી ભરીને આવેલ ફોર્મ કોઈપણ રીતે લેવામાં આવશે નહીં. જેની ફોર્મ લેનાર અઠ્ઠમ તપ આરાધકોએ નોંધ લેવી. લી. શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન સંઘ અંબરનાથ.

2/1/1(7) -------- (A-8908)(4-8)

**શ્રી મામલ માતાજી ભાવિક ટ્રસ્ટ ખાખરિયો ફરિયા - બિદડા**

- બિદડા સ્થાને બિરાજમાન પ્રાતઃસ્મરણિય આદ્યશક્તિ આઈશ્રી મામલ માતાજીના સાનિધ્યમાં દર વર્ષે ઉજવાતા સામુહિક જુહાર, ચીર જુહાર, માતાજીની પહેડી તથા ધ્વજા પ્રસંગે ભાવભર્યુ આમંત્રણ..
- કારતક સુદ ૧૦, શુક્રવાર, તા. ૩૧-૧૦-૨૦૨૫ ના ચીર જુહાર તથા કારતક સુદ ૧૧, શનિવાર, તા. ૧-૧૧-૨૦૨૫ ના માતાજીની ધ્વજા, માતાજીની પહેડી તથા વાર્ષિક સમુહ જુહારના કાર્યક્રમ આયોજીત કરવામાં આવશે.
- આ વર્ષના વાર્ષિક સમુહ જુહારનો નકરો નીચે મુજબ રાખવામાં આવેલ છે.
- સમુહ જુહાર : રૂા. ૧,૭૦૦/- એક વર્ષના
- સગત માતાના જુહાર : રૂા. ૫૦૦/- એક વર્ષના
- દીકરાના ચીર જુહાર : રૂા. ૩,૫૦૦/-, દીકરીના : રૂા. ૧૧૧/-, ત્રીજા સંતાનના : રૂા. ૧૧૧/- એક વર્ષના
- જુહાર નોંધણી તા. ૧-૯-૨૦૨૫ થી ૧૬-૯-૨૦૨૫ સુધી નીચેના સેંટર પર કરવામાં આવશે.
- PDF ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ : દર્શન દેઢિયા (૯૮૧૯૭ ૭૮૫૦૭, ૮૬૯૨૦ ૦૬૩૮૩), ૯, શગુન એપાર્ટમેન્ટ, રાણી સતી રોડ, ચર્ચગેટ સાઈડ રેલ્વે બ્રીજની બાજુમાં, મલાડ (ઈ) (રવિવાર બંધ સમય ૧૧ થી ૬)
- પુજા એન્ટરપ્રાઈસ : ગિરિષ દેઢિયા (૯૮૧૯૪ ૫૦૨૫૦) થાણા હોલસેલ માર્કેટ, કુબલ મસાલાની સામે, ટી.એમ.ટી. રોડ, જાંબલી નાકાની બાજુમાં, થાણા (વેસ્ટ)
- સોસયટી સ્ટોર્સ : ગિતેષ દેઢિયા ૯૮૩૩૪ ૩૩૪૫૦ દુકાન નં. એ - ૭, રાયગડ બિલ્ડીંગ, રાજ મોબાઈલ, ગલ્લીની સામે, હમ વિડીઓની પાછળ, ફલવન ગલ્લી, નેશનલ હાયસ્કુલની નીચે, બી.પી.રોડ, ભાયંદર (ઈ).
- કચ્છ સ્થાને શ્રી રાજમણી મામલ ભવન ધીરજભાઈ ફુરીયા
- મામલ ફુડસ્ : (તા. ૧-૯-૨૦૨૫ થી ૨૦-૧૦-૨૦૨૫ સુધી) નરેન્દ્ર દેઢિયા (૮૧૬૯૦ ૩૮૨૫૯, ૯૦૯૯૫ ૮૨૫૩૨) તુલસી ભુવન, કચ્છી ડેરીની બાજુમાં, આર. એચ. બી. રોડ, મુલુંડ (વે)
- શ્રી મહાવીર બુક ડેપો (તા. ૧-૯-૨૦૨૫ થી તા. ૨૦-૧૦-૨૦૨૫ સુધી) અનુપ દેઢિયા - ૮૩૬૯૬૪૩૬૮૭, દુકાન નં. ૩, આરામ બિલ્ડીંગ, અપના બજારની બાજુમાં, મેટ્રો એકવા લાઈન ગેટ નં. ૧ અને ૨ થી એક

વધુ વિગત માટે જુઓ બાજુની કોલમ

મિનીટના અંતરે, ગોખલે રોડ નોર્થ, દાદર (વે)

- ભાવિકોને ખાસ વિનંતી કોઈએ પણ ફોન કરીને ઓનલાઈન ટ્રાન્સફર તથા જી પે તથા અન્ય કોઈપણ યુ.પી.આઈ. ટ્રાન્સફરની વિનંતી કરવી નહીં. સેન્ટર પર જઈને નામ નોંધાવી રસીદ મેળવવા નમ્ર વિનંતી. ભાવિકોએ પોતાની રહેવાની સગવડ જાતે કરવાની રહેશે.
- ખાસ નોંધ : જે ભાવિકોની પરિસ્થિતિ ના હોય અને જુહાર કરવા ઈચ્છતા હોય તો તે ભાવિકે મામલ ફુડ્સ નરેન્દ્રભાઈ દેઢિયાને રૂબરૂ સંપર્ક કરવા વિનંતી. લી. : શ્રી મામલ માતાજી ભાવિક ટ્રસ્ટ (બિદડા).

2/1/1(4) -------- (A-8889)(4-9)

**શ્રી સાડાઉ મુંબઈ મહાજન દાતાઓનો આભાર માને છે (એપ્રીલ થી જુલાઈ)**

- ૧) ૪૩,૨૦૦/- લક્ષ્મીબેન નરશી હીરજી દેઢિયા પરિવાર
- ૨) ૫,૦૦૦/- નીલ સુરેશ દેઢિયા (ભલીયા)
- ૩) ૫,૦૦૦/- ઓજસ તેજસ સંગોઈ
- ૪) ૫,૦૦૦/- વેદાંત શ્રેયસ સંગોઈ
- ૫) ૫,૦૦૦/- જેસાન વિશેષ સંગોઈ
- ૬) ૫,૦૦૦/- અમૃતબેન પોપટલાલ ભલીયા પુણ્યતિથી નિમિત્તે
- ૭) ૫,૦૦૦/- વિભુતી તેજસ સંગોઈ
- ૮) ૫,૦૦૦/- હેલી શ્રેયસ સંગોઈ
- ૯) ૫,૦૦૦/- મીતલ વિશેષ સંગોઈ
- ૧૦) ૫,૦૦૦/- સુરેશ પોપટલાલ ભલીયા
- ૧૧) ૩,૩૦૦/- શ્રી રામભાઈ કરસનભાઈ ગઢવી ગામ - સિંધોઈ
- ૧૨) ૨,૫૦૦/- ભરત વીરજી સાવલા
- ૧૩) ૧,૧૦૦/- મણીલાલ નેણસી માલદે
- ૧૪) ૧,૧૦૦/- રામકૃષ્ણ ગઢવી
- ૧૫) ૨,૫૦૦/- ગીતાબેન ગિરીશ ટંક
- ૧૬) ૨,૦૦૦/- ઈન્દુબેન રમણીક સંગોઈ
- ૧૭) ૫૫૫/- ગિરીશ મોરારજી ગાલા (કોડાય)
- ૧૮) ૫૫૫/- સુરેશ શામજી સાવલા
- ૧૯) ૧,૧૦૦/- કાંતિલાલ રામજી છેડા (બગડા)
- ૨૦) ભરત વીરજી સાવલા તરફથી ૩૦ કિલો જુવાર બાચકો
- લિ.મંત્રીઓ, જા.ખ.સૌજન્ય : બેન્સર મેચીંગ સેન્ટર એન્ડ બન્ઝારા શર્ટસ એન્ડ ટ્રાઉઝર્સ

4/1/1(28) -------- (A-8897)(4-10)

**Exclusive તથા Fusion બાંધણી સાડીઓ તથા દુપટ્ટાનું સુંદર કલેક્શન**

તમે અમારા ઘરે આવીને જોઈ શકો છો બાંધણી સાડીઓ તથા દુપટ્ટામાં પરંપરા અને આધુનીકતાનો અનોખો સંગમ. આપનાં ખાસ પ્રસંગ માટે હાથ બનાવટથી બનાવેલ. વધુ માહીતી માટે સંપર્ક : Stittch - By Neha A Gogri - 9819832128. Instagram ID : stittchnehaagogri

4/1/1(10) -------- (B-8872)(4-11)

**ચહેરાની કરચલી, સુકી, ઢીલી સ્કીન માટે બોટોક્સ, ફીલર્સ, થ્રેડસ લેઝર ટ્રીટમેન્ટ**

રજીસ્ટ્રેશન ફી ૨૦૦ રૂા. ૧૪-૮, ૧૫-૮. ગુરૂ, શુક્ર. સ્થળ : દિયા હેલ્થ કેઅર, ૧૦૨, બિલેશ્વર ટાવર, પહેલા માળે, પાંચ રસ્તા, સંદીપ હોટેલની સામે, મુલુંડ (વે.) સમય : ૧૧-૪. સંપર્ક : ૯૮૨૦૭૪૮૮૪૦, ૦૨૨-૩૧૯૦૬૦૨૩.

4/1/1(23) -------- (B-8880)(4-12)

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ
☎ ૨૩૭૧૪૫૭૪-૨૩૭૭૩૦૩૨ ☎
www.kvoss.org

**શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ કાર્યાલય બંધ અંગે**

શુક્રવાર, તા. ૧૫ ઓગષ્ટનાં સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે અને શનિવાર તા. ૧૬ ઓગષ્ટનાં જન્માષ્ટમી નિમિત્તે શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ કાર્યાલય અને સંજીવની કાર્યાલય બંધ રહેશે. તેની સૌ જ્ઞાતિજનો નોંધ લે.

● એ દરમ્યાન મેડીક્લેઇમ માટે હોસ્પીટલમાં એડમીટ થયેની જાણ માટે ખુશી મારૂ : મો. ૯૩૨૧૮૫૮૫૪૯ પર વિગત વોટસ એપ કરવી અને કેશલેશ માટે નીતીન નવાલે : મો. ૯૮૨૮૭૭૩૩૨૪નો સંપર્ક કરવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(26) -------- (A-8899)(5-1)

**તા. ૧૪ ઓગષ્ટ સેવા સમાજ 'શુભેચ્છક દાતા'**

સ્વ. શ્રીમતી બચુબેન શામજી કારાણીનાં સ્મરણાર્થે શ્રી શામજી કાનજી કારાણી (ખારૂઆ) તરફથી.

● સ્વ. હેમલતાબેન આર. દેઢિયાનાં સ્મરણાર્થે શ્રી રતિલાલ ડુંગરશી દેઢિયા હસ્તે ડી. એલ. દેઢિયા (મેરાઉ) તરફથી.

● સ્વ. શ્રી કાનજીભાઈ રવજી જૈનની પુણ્યતિથિ નિમિત્તે શ્રી બિપિનચંદ્ર કાનજીભાઈ જૈન (નાની ખાખર) તરફથી.

● સ્વ. શ્રીમતી હેમલતાબેન પ્રેમજી શાહનાં સ્મરણાર્થે શ્રી પ્રેમજી રામજી શાહ (મોખા) તરફથી.

● શ્રીમતી હેમલતા હંસરાજ ગડા (બાડા - ગોરેગામ)નાં જન્મદિન નિમિત્તે હસ્તે શ્રી હંસરાજભાઈ શિવજી ગડા પરિવાર તરફથી મળેલ અનુદાન બદલ શ્રી ક. વિ. ઓ. સેવા સમાજ એમનો હાર્દિક આભાર માને છે. જન્મ, લગ્ન કે પુણ્યતિથિ કોઈ પણ પ્રસંગને યાદગાર બનાવવા સેવા સમાજ 'શુભેચ્છક દાતા' યોજનામાં જોડાવવા રૂા. ૧૧૦૦૦/- (૧૫ વર્ષ માટે)નું અનુદાન આપી આયકર કલમ ૮૦-જી બાદ મેળવો. લિ. માનદ્ મંત્રીઓ.

4/1/1(3) -------- (A-8791)(5-2)

**શ્રી અંધેરી ક.વિ.ઓ. સેવા સમાજ શૈક્ષણીક સન્માન**

અંધેરીમાં રહેતા ફક્ત કચ્છી વિશા ઓસવાળનાં તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

● S.S.C. અને F.Y.J.C. માં ૮૦%, H.S.C., F.Y.B.com, S.Y.B.com માં ૭૦% અને Graduate, Post Graduate ફાઈનલ પાસ કરેલ... વિદ્યાર્થીઓ નીચે આપેલ સેન્ટરમાં રીઝલ્ટની ઝેરોક્ષ, પુરૂ સરનામું, ગામનું નામ, મોબાઈલ નંબર લખી જલ્દીથી જલ્દીમાં આપી જવા વિનંતી.

● (૧) અંધેરી ક.વિ.ઓ. મેડીકલ સેન્ટર, ભરડાવાડી, અંધેરી (વેસ્ટ)

● (૨) મારૂ ડ્રાયફ્રુટ, જુના નાગરદાસ રોડ, અંધેરી (ઈસ્ટ) લિ. કલ્પના સાવલા, રોનક ગાલા, જયેશ શાહ (માનદ્ મંત્રી)

4/1/1(21) -------- (A-8882)(5-3)

**વેપાર ધંધો કરવાની ઉત્તમ તક**
**મોકાની દુકાન ભાડા ઉપર આપવી છે**

**અંબરનાથ સ્ટેશન પાસે મેન માર્કેટમાં સારો વેપાર કરતી પચ્ચીસ વર્ષ જૂની હાર્ડવેર ઈલેક્ટ્રિક કલરની પાંચસો કાર્પેટ સ્કેવર ફીટની રનીંગ દુકાન લાંબા સમય માટે ભાડે આપવી છે. સંપર્ક : મયુર વિસરીયા : 7506593555 / 7517503666.**

2/1/1(6) -------- (B-8909)(5-4)

**શ્રી નાલાસોપારા સ્ટે. અચલગચ્છ જૈન સંઘ**

**સંઘમાતા જયાબેન વિશનજી પાલણ મારૂ ચેરીટેબલ ટ્રસ્ટ**

**● ગીતા સ્મૃતિ તિર્થ**

**● 'મહા મંગલકારી શ્રી નવકાર મંત્ર ભાષ્ય જાપ અનુષ્ઠાન અચલગચ્છાધિપતિ પ.પુ. આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. નાં આજ્ઞા આશીષે**

**● માતૃ હ્રદયા પરમ વિદુષી પ.પૂ.સા.શ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ના શિષ્યા સરળ સ્વભાવી પ.પૂ.સા.શ્રી તત્વપુર્ણાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સા. શ્રી ધર્મપ્રિયાશ્રીજી મ.સા. અને પ.પૂ.સા. શ્રી નવકારપ્રિયાશ્રીજી મ.સા.નાં નિશ્રામાં નવકાર મંત્ર ભાષ્ય જાપ રાખવામાં આવેલ છે. શ્રાવણ વદ-૭, તા. ૧૫-૮-૨૫, શુક્રવાર સમય સવારે ૮.૩૦ કલાકે. નવકાર નિષ્ઠ શ્રી જયંતભાઈ રાહીનાં શિષ્ય નવકાર આરાધક શ્રી સુરેશ સોની અને તેમના સુપુત્ર મયંક સોની(બાંભડાઈ) સાથી કલાકારોનાં સંગાથે સંગીતમય મુદ્રા સહ સાથે મહામંગલકારી શ્રી નવકાર મહામંત્ર ભાષ્ય જાપ અનુષ્ઠાનની રજુઆત આપ તમામ નવકાર પ્રેમીઓ સંગીત પ્રેમી તમામ આરાધકોને નવકાર જાપમાં જોડાવા આમંત્રણ છે. આ ઐતિહાસિક પ્રસંગ ચુક્તા નહીં. સર્વેએ સફેદ વસ્ત્રો પરીધાન કરીને અનુષ્ઠાનમા પધારવા નમ્ર વિનંતી. લિ. મંત્રીઓ.**

4/1/1(8) -------- (A-8927)(5-5)

**(JYF) જૈન યુથ ફોરમ સ્વકલ્યાણથી સર્વ કલ્યાણ**

આજે મોબાઈલ કે આઈપેડ પર વીડીયો ગેમ્સ રમવી નહીં. (જીવદયા થકી અનર્થ દંડથી બચવા માટે)

● મારી ધારણા પ્રમાણે પચ્ચખાણ, ન કરેમિ, કાયસા તસ્સભંતે પડિક્કમામિ નિંદામી ગરિહામિ અપ્પાણં વોસિરામિ.

● વ્યવસાયિક, કૌટુંબીક અને માનસિક મુંઝવણોનું આધ્યાત્મિક તથા માનસિક માર્ગદર્શન અને કચ્છમાં હેલ્થ કાર્ડ માટે.

● JYF હેલ્પલાઈન નંબર 8591438983.

● જા.ખ. સૌજન્ય : માતુશ્રી શાંતાબેન ગાંગજી ગાલા (લારકીન્સ-મોખા)

2/1/1(18) -------- (A-8888)(5-6)

**શ્રી મલાડ આ.કો.ના.પ.સ્થા. જૈન સંઘ**

શ્રી સંઘના નેજા હેઠળ રવિવારે સમુહ સામાયિકનું આયોજન કરેલ છે.

● વક્તાઃ સુશ્રાવક વૈભવભાઈ ગાલા (દેશલપર)

● વિષયઃ બુલડોઝર બાબા (ધર્મ એક ક્રિયા કે પ્રક્રિયા) રવિ. ૧૭મી ઓગસ્ટ, ૯.૩૦ થી ૧૧ @ ગાલા બ્લોસમ, મામલતદાર વાડી નં-૧, મલાડ(વેસ્ટ). સંપર્ક : ૮૮૭૯૧૨૨૭૮૬ (હેમાલીબેન)

● સૌ. જયેન્દ્રા વીરા (પ્રતાપર)

● લિ.ચેતન ઠાકરશી ગાલા (વડાલા)

4/1/1(22) -------- (A-8881)(5-7)

**!! પરીણામ ન મળે તો પૈસા પાછા !!**

શું તમે ડાયાબીટીસ (ઈન્સ્યુલોન) થી છુટકારો મેળવવા માંગો છો ? ૧૦૦% આયુર્વેદિક (પ્રાકુતિક) દવા માટે સંપર્ક કરો. ફોન પર ૧ પ્રશ્નનો જવાબ મળશે. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી છે. સ્થળ : શ્રી મોમાઈ જૈન મહીલા ગૃહ ઉધોગ, સુહાગ રીંગ રોડ, ફરસાણી દુનીયા સામે, ભુજ-કચ્છ : રૂદ્ર છાડવા-વોટસએપ : 8487069846.

4/1/1(27) -------- (B-8898)(5-8)

**ચશ્મા-ગોગલ્સ-કોન્ટેક્ટ લેન્સીસ માટે સમાજનું લોકપ્રિય સ્થળ**

**'ક્રિએટીવ ઓપ્ટીક્સ' (દાદર)ની વિશેષતા છે.**

**● સચોટ, સ્પષ્ટ દ્રષ્ટી અને વ્યક્તિત્વનો નિખાર.**

**● ઉચ્ચતમ ગુણવત્તા અને પરફેક્શન**

**● લેટેસ્ટ ફેશન અને સ્ટાઈલ**

**● જ્ઞાન અને અનુભવ**

**● લેટેસ્ટ ટેક્નોલોજી અને ક્રિએટીવીટી**

**● તત્પર સેવા અને સંતોષ ઉપરાંત**

**● આપનો પ્રેમ અને વિશ્વાસ**

**● 'ક્રિએટીવ ઓપ્ટીક્સ' દાદર (સે.રે.) સ્ટે. પાસે. લિ. ચેતન ધરોડ-કમલ ધરોડ (પત્રી) મો. 9146718565. (પ્રોગ્રેસીવ ગ્લાસ અને કોન્ટેક્ટ લેન્સનાં સ્પેશ્યાલીસ્ટ)**

4/1/1(5) -------- (B-8885)(5-9)

**શ્રી મુલુંડ આઠ કોટી નાની પક્ષ સ્થાનકવાસી જૈન સંઘ પર્યુષણ આરાધના**

● પર્વાધિરાજ પર્યુષણ ની પધરામણી થઈ રહી છે. શ્રી સંઘ દ્વારા તા. ૨૦-૦૮-૨૦૨૫ થી ૨૬-૦૮-૨૦૨૫ દરમ્યાન વિવિધ આયોજનો રાખવામાં આવેલ છે ભાઈઓ અને બહેનોએ બહોળી સંખ્યામાં લાભ લેવા વિનંતી.

● વેસ્ટ માટે : ભાઈઓ માટે પ્રતિક્રમણ સાંજે ૬:૩૦ કલાકે. સ્થળઃ ફ્લેટ નંબર ૧૬૦૨/૦૩, એ વિંગ ૧૬મે માળે, પ્રેમ નગર લેગેસી, જે. એન. રોડ, મુલુંડ વેસ્ટ.

● બહેનો માટે સામૂહિક આરાધના : બપોરે ૨:૩૦ થી ૪:૩૦ જીનલબેન છેડા કરાવશે. વિષય : "વીરની અંતિમ દેશના જગાવો આતમ ચેતના" સ્થળ : ફ્લેટ નંબર ૧૬૦૨/૦૩ પ્રેમનગર લેગેસી ૧૬મે માળે, જે.એન. રોડ, મુલુંડ વેસ્ટ.

● બહેનો માટે પ્રતિક્રમણ : સાંજે ૬.૩૦ કલાકે (સ્થળ ૧) : ફ્લેટ નંબર ૯૦૩, તત્વ શિલા બિલ્ડિંગ, કસ્તુરબા રોડ, વિજય સોસાયટી હોલની પાછળ, મુલુંડ વેસ્ટ. (સ્થળ ૨) : ફ્લેટ નંબર ૮૦૨, હોરાઈઝન ક્લોકા, ડોક્ટર આંબેડકર રોડ, આશીર્વાદ હોસ્પિટલની સામે, મુલુંડ વેસ્ટ.

● ઈસ્ટમાં બહેનો માટે : સામુહિક આરાધના નીના બેન સતરા કરાવશે વિષય : "બાર ભાવના" સ્થળ : ફ્લેટ નંબર ૮૦૨, અલિયાન્સ રવિ કિરણ, મહાત્મા ફુલે રોડ, દેશમુખ ગાર્ડન મેન ગેટની સામે, મુલુંડ ઈસ્ટ. લિ. : સંઘપતિ.

4/1/1(31) -------- (A-8907)(5-10)

**શ્રી ભુજપુર/ પ્રતાપુર નાની પક્ષ સંઘ પર્યુષણા શ્રાધ્ધ/ વેકેશન / ભાઈ બીજ સમુહ આયોજનો**

શ્રાવક/ શ્રાવિકાઓ મહાસતીજી હેમપ્રભાબાઈ સ્વામી આદિ ઠાણા-૪ શાતામાં બિરાજે છે. પર્યુષણ પર્વ નજીક છે. તા. ૧૬/૮ના સમુહમાં જનારાની ટિકીટો સયાજીનગરીની આવેલ છે. હજી પણ આવવું હોય તો તુરંત નિલેશ ગાલા : 9820158604 નો સંપર્ક કરશો લંચબોક્ષની વ્યવસ્થા છે. શ્રાધ્ધમાં જવા ૧૨/૯ દિવાળી વેકેશન ૧૪/૧૦ અને ભાઈબીજનાં ૨૨/૧૦ના સમુહ આયોજનોમાં તુરંત નામો લખાવો જેથી ટિકીટો મેળવી શકાય. સેનેટોરીયમ અને ગામમાંથી વ્યાખ્યાનમાં જવા માટે બે ટાઈમ રીક્ષાની સગવડ જરૂરિયાતવાળા માટે ચાલુ છે. સંઘને મળેલ અમુલ્ય ચાતુર્માસના દિવસોમાં ધર્મ લાભ લઈને સંઘશોભા વધારવા સૌને મંગલ નિમંત્રણ. સેનેટોરીયમમાં લાભ લેવા અનીલ છેડા : 9821093383.. લી. શ્રી ભુજપુર આઠ કોટી નાની પક્ષ જૈન સંઘ.

2/1/1(30) -------- (A-8912)(5-11)

**ભારત સાડી સેન્ટરમાં સ્ટોક ક્લીયરન્સ સેલ**

**દરેક જાતની ફેન્સી સાડી, પ્રીન્ટેડ સાડી, પ્રિન્ટ તેમજ વિવિંગ પટોળા, બનારસી સાડીઓ ઉપર ૫૦% ડીસ્કાઉન્ટ ફક્ત ૮ દિવસ. ઠે. ૮૮, ડો.એ.એમ. રોડ, મનહર ભુવન બીલ્ડીંગનાં અંદરનાં ભાગમાં. સંપર્ક : મુકેશ ગાલા-9867196411.**

4/1/1(2) -------- (B-8867)(5-12)

**'India's First' રીયલ 24 K સોનું ચઢાવેલી અમેરીકન ડાયમંડ જ્વેલરી**

'ચીરાગ આર્ટસ' કાંદીવલી મીના ગાલા (ગેલડા/નાની ખાખર) પાસે હવેથી અમેરીકન ડાયમંડનાં પેન્ડલ બુટ્ટી સેટ, નેકલેસ સેટ, બેંગલ્સ, બ્રેસલેટસ, બાલીઓ અને વીંટીઓ ઉપર 24 K ગોલ્ડ-ફોરમીંગ એટલે કે સાચું સોનું ચઢાવેલી મોનોપોલી ડીઝાઈનર જ્વેલરીનું ફુલ એક્સક્લુઝીવ કલેક્શન જોવા મળશે.

● રીયલ ડાયમંડની મજુરીનાં ૧/૧૦માં રીયલમાં પણ ન જોવા મળે એવી લેટેસ્ટ ડીઝાઈનો જોવા...૬૦૧, એવન્યુ, ઈરાનીવાડી રોડ નં. ૪, કાંદીવલી (વે.) ચીરાગ : મો. 9619453802.

4/1/1(15) -------- (B-8875)(5-13)

**ગોવાલીયા ટેંક પર્યુષણ પ્રતિક્રમણ**

પાવનકારી પર્વાધિરાજ પર્યુષણ પર્વ બુધવાર, તા. ૨૦-૦૮-૨૦૨૫ થી શરૂ થઈ બુધવાર, તા. ૨૭-૦૮-૨૦૨૫ના રોજ પરિપૂર્ણ થશે. આ સમય દરમ્યાન પ્રતિક્રમણની સગવડ હંમેશ મુજબ સંઘમાતા ચંચળબેન ચંદુલાલ ફ્રેમવાલાને ઘેર ફ્લેટ નં. ૧૧ સી-ડી, અભિલાષા સોસાયટી, ૪૬ ઓગસ્ટ ક્રાંતિ માર્ગ ખાતે રાખવામાં આવેલ છે. તો ગોવાલીયા ટેંક તથા આજુબાજુના એરીયામાં વસતા આપણી સૌ બહેનોએ હંમેશ મુજબ વિશાળ સંખ્યામાં પધારી આ સગવડનો અવશ્ય લાભ લેવા વિનંતિ. તા. ક. પ્રતિક્રમણ બરાબર ૭ વાગે શરૂ થઈ જશે. લિ. ગોવાલીયા ટેંક પાઠશાળાની બહેનોના જય જિનેન્દ્ર.

4/1/1(14) -------- (A-8874)(5-14)

**"સોની કાનજી આણંદજી જ્વેલર્સ"**
**! રેપ્યુટેડ જ્વેલર્સ : ૧૯૬૮ થી મુંબઈમાં !**

કલાત્મક ડિઝાઈનો અને નીતનવી વેરાયટીઓમાં ગોલ્ડ અને ડાયમંડ જ્વેલરીનું બેનમૂન કલેક્શન.

● સોની કાનજી આણંદજી જ્વેલર્સ (કચ્છ : ફરાદીવાલા) બી/૧૮, રોયલ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, સહકાર નગરની સામે, નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૩૧. ફોન : 41755500, 24150572.

2/1/1(13) -------- (N-8869)(5-15)

**MSME બીઝનેસ લોન 0%' સર્વિસ ચાર્જ**

આદરણીય જ્ઞાતિજનો શું તમારે વેપાર વધારવા માટે નાણાં જરૂર છે ? તો V.C. નાં ચક્કર છોડો અને શીતલ ગ્રુપમાં ફોન જોડો અને મેળવો બેંકમાંથી નીચા વ્યાજ દરે 10.50%* MSME બીઝનેસ લોન. 7700007204.

4/1/1(12) -------- (N-8870)(5-16)

**લક્ઝરી, ગ્રુપ + પેકેજ ટુરો 'શેઠીયા ટુર' દિવાળીમાં શિખરજી યાત્રા - કેરાલા પ્રવાસ**

(૧) ૧૭ ઓક્ટો. 'શિખરજી' + પંચતીથી સાથે 'કલકત્તા' યાત્રા પ્રવાસ (૨) સંપુર્ણ 'કેરાલા' મુન્નાર, ઠેક્કડી, ત્રિવેન્દ્રમ, કોવાલમ, કોચીન, એલ્લપી, ખાસ જટાયુ. નોંધ : જૈન યાત્રાની ગ્રુપ બુકીંગ તેમજ ફરવા માટેની કીચન ગ્રુપ + પેકેજ ટુરની બુકીંગ માટે : સં. 'શેઠીયા ટુર' 8369397524, 8454843663, 9029329818.

4/1/1(16) -------- (B-8877)(5-17)



દોસ્તીના રંગોમાંથી એક રંગ આજે ઝાંખો થયો...

# ઝિંદાદીલ મિત્રનો વિયોગ...

## શ્રી સુરેશ વિશનજી નાગડા

**(ભોજાય - કલ્યાણ)** વસમી વિદાય : તા. ૧૨-૮-૨૦૨૫

સ્વભાવમાં સરળતા, વાણીમાં વાત્સલ્યતા, ધર્મમાં આસ્થા, મનમાં માનવતા, પરોપકારમાં પ્રભુતા
એવા સદ્દગુણોથી અલંકૃત અમારા પરમ મિત્ર **શ્રી સુરેશ** ને નતમસ્તકે મિત્રાંજલી...
તારા દિવ્ય આત્માને પરમકૃપાળુ પ્રભુ પરમ શાંતિ આપી મોક્ષગામી બનાવે એજ ભાવભીની પ્રાર્થના.

**સ્માઈલ સહિત છેલ્લી સલામ એક બહુઆયામી વ્યક્તિત્વને...**

**માટુંગા બોર્ડિંગ આદ્ય વિદ્યાર્થી મિત્ર પરિવાર (1986-87 SSC Group)**

બીના અજય ગોસર (ગોધરા)
અલ્પા અતુલ દેઢિયા (પત્રી)
રીટા અતુલ પાસડ (શેરડી)
બીના અતુલ રાંભિયા (નાગલપુર)
અલ્પા અતુલ વીરા (દેવપુર)
જયા ભરત મોતા (દેવપુર)
જયા બિપિન ગાલા (સાભરાઈ)
વર્ષા દીપક ગાલા (સાભરાઈ)
સેજલ ધીરેન દેઢિયા (ગઢશીશા)
બીના દિલેશ ગાલા (વડાલા)
જ્યોતિ દિલીપ દેઢિયા (ભીંસરા)
રીટા દિલીપ ગાલા (દેવપુર)
સુશીલા ગીરીશ છેડા (શેરડી)
જયશ્રી ગીરીશ દેઢિયા (ગઢશીશા)

(CLC-8920)

બીના હરેશ દેઢિયા (ગઢશીશા)
હેતલ હરેશ નાગડા (નરેડી)
વંદના હિરેન ગડા (વિંઝાણ)
પારુલ હિતેશ દેઢિયા (ટોડા)
જયશ્રી જખેશ ગોસર (દેવપુર)
લીના જયંતિલાલ ગડા (મોટી ઉનડોઠ)
નીલમ જયેશ હરિયા (શેરડી)
લીના જયેશ કારાણી (ડુમરા)
ચૈતાલી જયેશ નાગડા (નરેડી)
અમી જીતેશ છેડા (કાંડાગરા)
ભાવના જીતેશ સાવલા (ભીંસરા)
વર્ષા કાંતિલાલ ધરોડ (લુણી)
નેહલ ખુશાલ દેઢિયા (હમલા મંજલ)
દમયંતિ કિરીટ કારાણી (ડુમરા)

રીના કિરીટ નિસર (દેવપુર)
આરતી લહેરચંદ મારુ (ડેપા)
કલ્પના લલિત છેડા (કાંડાગરા)
રીટા શામજી ગડા (નાના રતાડિયા)
ધનવંતી લિનેશ ફુરિયા (મેરાઉ)
ટીના મહેન્દ્ર છેડા (પત્રી)
શિલ્પા મનીષ મકડા (કોડાય)
મનીષા મનીષ સાવલા (વડાલા)
ભીતિ મનોજ નાગડા (વીઢ)
અલ્પા નરેશ ગોગરી (ત્રગડી)
શીલા નરેશ સાલીયા (ગોધરા)
દીપ્તિ નીલેશ વીરા (કોડાય)
નીલમ પરેશ દેઢિયા (મેરાઉ)
વનિતા પ્રકુલ ગડા (પત્રી)

પ્રીતિ પ્રફુલ પાસડ (શેરડી)
અલ્કા રાજેશ લાલન (કોડાય)
જ્યોતિ રાજેશ વિસરીયા (ગઢશીશા)
ભાવિકા રજનીશ મામણીયા (કુંદરોડી)
ઉર્વશી સંજય છેડા (બાડા)
કલ્પના શૈલેષ ગોગરી (નાના ભાડીયા)
જયશ્રી સુરેશ મોતા (દેવપુર)
જયશ્રી તુષાર નાગડા (વીઢ)
હંસા ઉદય સાવલા (મેરાઉ)
દિપ્તી વિનય માલદે (કોડાય)
પ્રીતિ વિનોદ નાગડા (મોટી ઉનડોઠ)
કલ્પના વિપુલ માલદે (કોડાય)
અલ્કા વિપુલ ગોસર (ગોધરા)
મીના ભરત સાવલા (મોટા આસંબિયા)
ભાવિની પરેશ વોરા (નવીનાર)

# શ્રી ક.વિ.ઓ. કોલસાવાડી અચલગચ્છ જૈન સંઘ, કલ્યાણ (ઈ.)

## સંઘના કર્મનિષ્ઠ કાર્યકરને હૃદયપૂર્વકની અંજલી...

ગામ ભોજાય



હાલ કલ્યાણ

## શ્રી સુરેશભાઈ વિશનજી ખેરાજ નાગડા

જેમણે વર્ષો સુધી શ્રી સંઘના ઉત્થાન માટે તન-મન-ધનથી સેવા આપી...
ધરતી જેવું ધૈર્ય અને ચંદ્ર જેવી શીતળતા ધરાવનાર, મુખે સદાય સ્મિત,
આચરણમાં નિખાલસતા, અજબગજબની કોઠાસૂઝ અને નિર્ણયશક્તિ સાથે
ગજબની ઉર્જાશક્તિ ધરાવનારા, સત્કાર્યોમાં મૂકપણે સહયોગી બનનારા,
શ્રી સુરેશભાઈની વિદાયથી અમે તેઓશ્રીનો હેતભીનો સંગાથ ગુમાવ્યો...
એમની સાથે વિતાવેલી પ્રત્યેક પળોની મધુર સ્મૃતિઓ સદાય આંખો ભીંજવશે...
પ્રભુ આપના આત્માને મોક્ષધામ નિવાસી બનાવે એજ અમારી પ્રાર્થના...

**લિ. : શ્રી ક.વિ.ઓ. કોલસાવાડી અચલગચ્છ જૈન સંઘ કલ્યાણ (ઈ.) સંઘ વતી**
**પ્રમુખ : અશ્વિન માવજી છેડા - ૯૮૭૦૬ ૨૨૯૮૯**

(CLB-8921)

BINITA MARU

શુભ પ્રેરણા-શુભ આશિષ



# શ્રી ગઢસીસા પાંજરાપોળને

## વિવિધ યોજનાઓ માટે દાન આપનાર નિમ્નદર્શીત દાનવીરોની અનુમોદના



ગૌરવવંતા ગઢસીસા નગરે દેવગુરૂ અને શાસન શીરોમણી, તપચક્રચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિશેષ આશિર્વાદથી ગઢસીસા પાંજરાપોળ વિકાસલક્ષી માર્ગ સાથે સુંદર પ્રગતિના પંથે આગળ વધી રહી છે. ત્યારે જીવદયાના આ મહાન યજ્ઞમાં જીવો પ્રત્યેની કરૂણાને વાચા આપવા તિર્યંચોને શાતા આપવા તથા ભારતીય સંસ્કૃતીને આબાદ બનાવવા નિમ્નદર્શીત દાતાઓએ દાનગંગા વહેવડાવીને ઉત્તમોત્તમ કાર્યો કર્યા છે તે બદલ ભારોભાર અનુમોદના.

**શ્રી વાર્ષિક નીરણ યોજના ખાતે આવેલ રકમનું અનુદાન**

૨૦,૫૦૦/- સ્વ. લધાભાઈ વિશ્રામભાઈ પટેલ (પોકાર)ના આત્મકલ્યાણાર્થે (ગામ લુડવા, હાલે ઘાટકોપર) હસ્તેઃ શ્રીમતી વનિતા બીપીન પટેલ તથા શ્રીમતી વિરાલી સ્મિત પટેલ તરફથી (૫ ગાડી ઘાસચારો)

**શ્રી જીવદયા ખાતે (ઘાસચારા નિમીત્તે) આવેલ રકમનું અનુદાન**

૧૧,૦૦૦/- શ્રી જેઠાલાલ ધનજી છેડાના ૭૫માં જન્મદિવસ નિમિત્તે (બાયઠ-માંડવી)
૧૧,૦૦૦/- શ્રી શેરડી સ્થાને દેઢિયા નુખના કુળદેવી શ્રી મામલ માતાજી (શેરડી, કચ્છ)
૧૧,૦૦૦/- શ્રી કચ્છ દુર્ગાપુર વિશા ઓશવાલ મુર્તિપૂજક જૈન મહાજન (દુર્ગાપુર, નવાવાસ)
૧૦,૦૦૦ શ્રી પરબતભાઈ કલ્યાણજીભાઈ હિરાણી (રામપર)

(CLB-8911)

ઉપરોક્ત યોજનામાં દાન આપી અબોલ પશુઓને શાતા આપવા બદલ દાતાશ્રીઓની ભૂરી ભૂરી અનુમોદના સહ આભાર

લી. **શ્રી ગઢસીસા જીવસુરક્ષા જૈન ચેરિટેબલ અને રિસર્ચ ટ્રસ્ટ** સંચાલિત

અધિકારીઓ/ટ્રસ્ટીઓ માતુશ્રી સુંદરબેન મણશી શીવજી વિઠીવોરા (કોટડા રોહા) અને માતુશ્રી સુંદરબેન સુંદરજી રવજી દેઢીયા (ગઢસીસા)

**પાંજરાપોળ ગૌશાળા - ગઢસીસા (કચ્છ)**

મુંબઈ કાર્યાલયઃ શેઠશ્રી પ્રફુલ ભાણજી પાસડ કાર્યાલયઃ ૩૦૮, લક્ષ્મી સદન, ઝવેર રોડ, રેલ્વે ક્રોસીંગ સાઈડ, મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦. મો.: 7666122218 ફોનઃ 25622218
સ્થાનિક કાર્યાલયઃ શ્રી ગઢસીસા પાંજરાપોળ ઓફીસ, ગઢસીસા-માંડવી હાઈવે, ગઢસીસા. ફોનઃ ૦૯૪૨૮૬૮૨૫૩૯

UPASANA - 9820167767

# છ દાયકા થી વધારેનો સુવર્ણ થી હીરક પ્રવાસ, આજે જુના સ્થાને નવા કલેવર સાથે શરૂ કરવા બદલ

## Congratulations!

Chheda Stores

CHHEDA DRY FRUITS

**શ્રી હરખચંદ (ભા) કાનજી છેડા - મોટા લાયજાની**

**મહેનત, ઈમાનદારી અને ગુણવત્તાની ઓળખ સાથે શરૂ કરેલ 'છેડા' ૬૦ વર્ષ થી વધારે સમયગાળામાં માત્ર મુંબઈ નહીં પરંતુ સમગ્ર દુનિયામાં વિશ્વાસ અને સ્વાદનો પર્યાય બની ગયું છે.**



**બીજી પેઢીએ ભા ના કુળદિપક યોગેશભાઈ અને ચેતનભાઈએ વ્યવસાયને નવી ઉંચાઈ એ પહોંચાડ્યો, અને હવે ત્રીજી પેઢીના યુવાધન યશ, પૂજન, કેવલ, નીલ આધુનિક દ્રષ્ટિ અને યુવા ઊર્જા સાથેના સમ્નવયથી છેડા પરિવારની ગૌરવ ગાથા આગળ ધપાવી રહ્યા છે.**

(CLD-8399)

**છેડા પરિવારની દિકરીઓ હાર્દિક અભિનંદન અર્પી સફળતાના ઉચ્ચ શિખરો સર કરો એવી દિલથી શુભકામના પાઠવે છે.**

| તરલા સુરેન્દ્ર કલ્યાણજી રાંભીયા (નાગલપુર-માટુંગા) | રેખા સુનીલ વીરજી શાહ (તલવાણા-દાદર) | જયશ્રી જયેશ ખીમજી હરીયા (હાલાપુર-જુહુ સ્કીમ) |
|---|---|---|
| સલોમી સમીર છેડા (ડોણ), નિધી અંકિત રાંભીયા | સિધ્ધી અંકિત સાવલા (નાની તુંબડી), ઝીલ દર્શન શાહ | ધ્વનિ જયરાજ હરીયા |

NEEL PARI - 9322299742

ગામ : ભોજાય      **પ્રાર્થના સભા**      હાલે : કલ્યાણ



# શ્રી સુરેશભાઈ વિશનજી ખેરાજ નાગડા

દેહવિલય : મંગળવાર, તા. ૧૨-૮-૨૦૨૫      ઉ.વ. ૫૪

જ્યાં-જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી છે આપની અશ્રુભીની આંખોથી, યાદો ઝરે છે આપની !!!
આપનો પવિત્ર આત્મા જ્યાં પણ હોય ત્યાં પરમ શાંતિ પામે અને સત્વરે મોક્ષગતિ પ્રાપ્ત થાય એજ પ્રાર્થના.

દાદી-દાદા : માતુશ્રી માનબાઈ ખેરાજ માવજી નાગડા . . . ભોજાય
નાની-નાના : માતુશ્રી જેઠીબાઈ હિરજી શવરાજ દેઢિયા . . . . કોટડી
માતા-પિતા : માતુશ્રી ઝવેરબેન વિશનજી ખેરાજ નાગડા . . ભોજાય
જીવનસંગીની : રશ્મિ સુરેશભાઈ વિશનજી નાગડા . . . . . . ભોજાય

મો. સાસુ-સસરા : માતુશ્રી સુંદરબેન કાનજી દેરાજ ગડા . . . . . . મોથારા
ના. સાસુ-સસરા : માતુશ્રી કેસરબેન લીલાધર હિરજી કારાણી . . સાભરાઈ
: માતુશ્રી દેવકાબેન રવજી દેરાજ પાસડ. . . . . સાભરાઈ
સાસુ-સસરા : ગુણવંતી (મંજુલા) નાનજી કાનજી ગડા. . . . . મોથારા

**પુત્ર**
મહેક સુરેશભાઈ વિશનજી નાગડા . . . . . ભોજાય
**ભાઈ**
સ્વ. રમેશભાઈ વિશનજી નાગડા. . . . . . ભોજાય
**ભાઈ-ભાભી**
હિના હિતેન્દ્ર વિશનજી નાગડા . . . . . . . ભોજાય
મંજુલા નિલેશ વિશનજી નાગડા . . . . . . ભોજાય
**બહેન-બનેવી**
ચંચલ શશીકાંત ગાંગજી વિકમાણી . કોટડા (રોહા)
મિનાક્ષી ઉમેશ મોહનલાલ હરીયા . . . . . . દેવપુર
**ભત્રીજા-ભત્રીજા વહુ**
સેજલ વિરલ હિતેન્દ્ર નાગડા . . . . . . . . ભોજાય
**ભત્રીજા**
મનન નિલેશ વિશનજી નાગડા. . . . . . . ભોજાય
**ભત્રીજી-ભત્રીજી વર**
ભૂમિ તેજસ ભરત કારાણી . . . . . . . . . . કુમરા
**ભત્રીજી**
મૈત્રી નિલેશ વિશનજી નાગડા . . . . . . . ભોજાય
**ભાણેજ-ભાણેજ વહુ**
કિંજલ હેમલ શશીકાંત વિકમાણી . . કોટડા (રોહા)
ઉજ્જવલા અંકિત ઉમેશ હરીયા. . . . . . . . દેવપુર
**ભાણેજી**
જિજ્ઞા ઉમેશ મોહનલાલ હરીયા . . . . . . . દેવપુર
**ભત્રીજા પુત્ર**
રિદાંશ વિરલ હિતેન્દ્ર નાગડા . . . . . . . . ભોજાય
**ભત્રીજી પુત્ર**
નિઓમ તેજસ ભરત કારાણી. . . . . . . . . કુમરા
**ભાણેજ પુત્ર**
અવીર હેમલ વિકમાણી. . . . . . . . કોટડા (રોહા)
રીયાંશ હેમલ વિકમાણી . . . . . . . કોટડા (રોહા)
**ભાણેજી પુત્રી**
જ્ઞાનવી અંકિત હરીયા . . . . . . . . . . . . દેવપુર
**કાકા-કાકી**
પાનબાઈ હરશી ખેરાજ નાગડા . . . . . . . ભોજાય
કેસરબેન કેશવજી ખેરાજ નાગડા. . . . . . ભોજાય
લીલાવંતીબેન મેઘજી ખેરાજ નાગડા . . . . ભોજાય
**કાકાઈ ભાઈ-ભાભી**
રમિલા ઉત્તમ હરશી નાગડા. . . . . . . . . ભોજાય
મંજુલા ઉમેશ હરશી નાગડા. . . . . . . . . ભોજાય
સુનીતા મુલચંદ હરશી નાગડા . . . . . . . ભોજાય
નિકિતા પ્રવિણભાઈ હરશી નાગડા . . . . . ભોજાય
મિતલ કાંતી હરશી નાગડા . . . . . . . . . ભોજાય
કલ્પના મુલચંદભાઈ કેશવજી નાગડા. . . . ભોજાય
જયશ્રીબેન ભરતભાઈ કેશવજી નાગડા. . . ભોજાય
અંજના ખુશાલ કેશવજી નાગડા . . . . . . ભોજાય
નવલ અનિલ મેઘજી નાગડા . . . . . . . . ભોજાય
**કાકાઈ બહેન-બનેવી**
ધનવંતી રમેશ રમણિકલાલ દેઢિયા . . નાની ખાખર
મીતા જયેશ વલ્લભજી વિકમાણી . . કોટડા (રોહા)
માધુરી હંસરાજ લાલજી ગોસર . . . . . . કોકલીયા
લક્ષ્મીબેન ટોકરશી મુરજી ગાલા . . . . . . . કોટડી
જયાબેન મણીલાલ કુવરજી રાંભિયા . . . . ગોધરા
હેમલતા કિશોર ડુંગરશી છેડા . . . . . . . . રાયણ
**કાકાઈ બહેન**
નીતા કેશવજી ખેરાજ નાગડા. . . . . . . . ભોજાય
**મામા-મામી**
હેમલતાબેન મોહનલાલ હિરજી દેઢિયા . . . . કોટડી
રેખા રતીલાલ હિરજી દેઢિયા . . . . . . . . . કોટડી
જયા પ્રેમજી હિરજી દેઢિયા . . . . . . . . . . કોટડી
ચંદન ધીરજલાલ હિરજી દેઢિયા . . . . . . . કોટડી
ગીતા તલકચંદ હિરજી દેઢિયા . . . . . . . . કોટડી
**માસી-માસા**
કેસરબેન કાંતિલાલ વિસનજી હરીયા . . . સાભરાઈ
ધનવંતી તલકશી પ્રેમજી નાગડા . . . . . . ભોજાય
મણીબેન મણીલાલ લાલજી વિસરીયા . . . . બાડા
લક્ષ્મીબેન અરવિંદભાઈ પોપટલાલ ગાલા . . મેરાઉ
મંજુલાબેન વિજય પ્રેમજી મોતા . . . . . . . દુર્ગાપુર
**મામાઈ ભાઈ-ભાભી**
યામિનીબેન મિતેષ તલકચંદ દેઢિયા . . . . . કોટડી
અમિતા ભાવેશ રતીલાલ દેઢિયા . . . . . . . કોટડી
ડિમ્પલ ઝુલેશ પ્રેમજી દેઢિયા . . . . . . . . . કોટડી
ડિમ્પલ અલ્પેશ પ્રેમજી દેઢિયા . . . . . . . . કોટડી
માનસી હિતેશ પ્રેમજી દેઢિયા. . . . . . . . . કોટડી
બીજલ મનિષ ધીરજલાલ દેઢિયા. . . . . . . કોટડી
**મામાઈ બહેન-બનેવી**
અંજના મનિષ પ્રવિણભાઈ છેડા . . . . . . દુર્ગાપુર
બિના રાજ દિલીપ પોલડીયા . . . . . . . . બિદડા
મેઘના મેહુલ હરખચંદભાઈ ગોસર . . . . . . રાયણ
દર્શના નિરજ મુકુંદ ગડા. . . . . . . . . . સાભરાઈ
**મામાઈ ભાઈ-બહેન**
નરેન્દ્ર મોહનલાલ હિરજી દેઢિયા . . . . . . . કોટડી
રીના મોહનલાલ હિરજી દેઢિયા. . . . . . . . કોટડી
**માસીયાઈ ભાઈ-ભાભી**
દિપા જયેશ કાંતિલાલ હરીયા . . . . . . . સાભરાઈ
નિપા નિતીન તલકશી નાગડા . . . . . . . ભોજાય
હિના અનિલ મણીલાલ વિસરીયા . . . . . . બાડા
દિના મહેશ મણીલાલ વિસરીયા . . . . . . . બાડા
જિજ્ઞા નિખિલ અરવિંદભાઈ ગાલા . . . . . . મેરાઉ
ભક્તિ રાકેશ વિજય મોતા. . . . . . . . . . દુર્ગાપુર
**માસીયાઈ બહેન-બનેવી**
દક્ષાબેન હરિશ ભાણજી ગાલા. . . . . . . . દેવપુર
કવિતા ભરત રામજી વિસરીયા . . . . . . . . બાડા
છાયા વિનોદ ભવાનજી દેઢિયા . . . . . . તલવાણા
ભદ્રા પરેશ ભવાનજી સાવલા . . . મોટા આસંબીયા
હેતલ ભાવેશ કલ્યાણજી હરીયા . . . . . . . દેવપુર
મીતા હુકુમચંદ કિર્તી દેઢિયા. . . . . . કોટડા (રોહા)
સ્મિતા વિનોદ વલ્લભજી વોરા . . . . . . . . કુમરા
રીટા કેતન કુરપાર ગંગર . . . . . . . . . નાગલપુર
ભાવના મનિષ લાલજી મામણીયા . . . . . . પુનડી
કવિતા અભય મણીલાલ સાવલા . . . . . કાંડાગરા
ભાવિની રાહુલ ધીરજ ગાલા . . . . . . . . . મેરાઉ
**માસીયાઈ બહેન**
પ.પૂ.સા. શ્રી જિનીજ્યોતિ મ.સા. . . ખરતલગચ્છ

**સસરા પક્ષ**

**સાળા-સાળાવેલી**
રિતુ હિતેશ નાનજી ગડા . . . . . . . . . . મોથારા
**સાળી-સાઢુભાઈ**
તૃપ્તી હિરેન જયંતીલાલ ગાલા. . . . . . . . ખારુઆ
**ભત્રીજા**
પરમ હિતેશ નાનજી ગડા . . . . . . . . . . મોથારા
**ભત્રીજી**
રાશિ હિતેશ નાનજી ગડા . . . . . . . . . . મોથારા
**ભાણેજ**
વીર હિરેન જયંતીલાલ ગાલા . . . . . . . . ખારુઆ
**કાકાઈ સસરા-સાસુ**
કુસુમ ઝવેરચંદ કાનજી ગડા. . . . . . . . . મોથારા
**ફુઈયાઈ સાસુ-સસરા**
કુસુમ રાયચંદ દેવરાજભાઈ મારુ . . . . . . હાલાપુર
અંજના કિરણ હેમરાજ નાગડા . . . . . . . . નરેડી
**મામાઈ સસરા-સાસુ**
મુલવંતીબેન નવિનચંદ્ર લીલાધર કારાણી. સાભરાઈ
ભાવના ભરત લીલાધર કારાણી. . . . . . સાભરાઈ
પ્રીતી હેમરાજ રવજી પાસડ . . . . . . . . સાભરાઈ
**માસીયાઈ સાસુ-સસરા**
ધનવંતી ઠાકરશી વેલજી હરીયા. . . . . . . . કુમરા
યશવંતી તારાચંદ ભવાનજી હેનીયા. . . . સાભરાઈ
નલિની પ્રવિણ વરજાંગ ગાલા . . . . . . . . કુમરા
ઝવેરબેન રામજી રતનશી ગડા . . . . . . . . બાડા
ઉર્મિલા ધીરજ ભવાનજી સંગોઈ. . . . . . . કપાયા
લક્ષ્મી લક્ષ્મીચંદ વોરા . . . . . . . . . . . ગોધરા
**કાકાઈ સાઢુ-સાઢુભાઈ**
માનસી ચિરાગ પ્રવિણ મોતા. . . . . . . . . દેવપુર
**ફુઈયાઈ સાળા-સાળાવેલી**
ઉર્વી રોમીલ રાયચંદ મારૂ. . . . . . . . . . હાલાપુર
લીશા કેવલ કિરણ નાગડા . . . . . . . . . . નરેડી
**ફુઈયાઈ સાળી-સાઢુભાઈ**
ફેની અંકીત રમેશ દેઢિયા . . . . . મોટા આસંબિયા
નિધી મોનીલ મનોજ ગંગર . . . . . . દેશલપુર કંઠી
**માતા-પિતાના વેવાણ-વેવાઈ**
જવેરબેન વલ્લભજી મેઘજી વોરા . . . . . . દેવપુર
રાજબાઈ લાલજી નેણશી ગડા . . . . . રાયધણજર
ભારતીબેન ગાંગજી ટોકરશી વિકમાણી . કો. (રોહા)
રૂક્ષ્મણીબેન મોહનલાલ લાલજી હરીયા . . . દેવપુર
**વેવાણ-વેવાઈ (રજી પેઢી)**
ઉષાબેન તારાચંદ ખીમજી ગડા. . . . . . . ઉનડોઠ
રંજનબેન હરખચંદ પ્રેમજી નાગડા . . . . સણોસરા
ઉર્મિલાબેન મહેશ સોનાર. . . . . . . . . . કલ્યાણ
સુશીલાબેન ભરત પોપટલાલ કારાણી . . . . કુમરા
**પરમ સ્નેહી**
રાજેશ માવજી છેડા . . . . . . . . . . . . . ઉનડોઠ
સંગીતા અશ્વિન છેડા પરિવાર . . . . . . . ઉનડોઠ
મોનીશ ઉષા મહેશ ગાલા. . . . . . . . . . . દેવપુર
શ્રી ભોજાય શ્વેતાંમ્બર દેરાસર જૈન સંઘ. . . ભોજાય
શ્રી ભોજાય આઠ કોટી મોટી પક્ષ જૈન સંઘ ભોજાય
શ્રી કોલસાવાડી અચલગચ્છ જૈન સંઘ . . કલ્યાણ
ગણેશલહેર વિલ્લાના રહેવાસીઓ . . . . . કલ્યાણ
જય અંબે એજન્સી સ્ટાફ. . . . . . . . . . કલ્યાણ
માટુંગા બોર્ડીંગ મિત્ર પરિવાર 86/87 SSC ગ્રુપ . .
**ઋણ સ્વીકાર**
ડૉ. ડી.ટી. હરબડા . . . . . . . . . . . . . . .
ડૉ. ત્રિવેદી . . . . . . . . . . . . . . . . . . .

## પ્રાર્થના સભા : ગુરુવાર, તા. ૧૪-૮-૨૦૨૫, સાંજે ૪.૦૦ થી ૫.૩૦

**સ્થળ : શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી, માટુંગા (સે.રે.), માટુંગા. (વેલે પાર્કીંગ છે)**

ભક્તિગીત : મનોજ કારાણી અને સાથી કલાકારો      લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

મહેક નાગડા : 91678 83154 | હિતેન્દ્ર નાગડા : 96999 95522 | નીલેશ નાગડા : 84549 78586 | હિતેશ ગડા : 90224 81425

નિવાસ : સુરેશ નાગડા, ૫૦૫, ગણેશ લહેર વિલ્લા, ૫ મે માળે, સારસ્વત બેંકની અને સ્પર્શ હોસ્પિટલની ઉપર, કાટેમાનેવલી નાકા, કલ્યાણ (પૂ.)

જય અંબે સેલ્સ, કલ્યાણ | સમ્રાટ ચોઈસ, કલ્યાણ | રીયલ ચોઈસ, દાદર

(CLA-8914)

(ઉપરોક્ત નામમાં કોઈનું નામ શરત-ચૂકથી રહી ગયેલ હોય અથવા નામ લખવામાં ભુલ થયેલ હોય તો ક્ષમાયાચના.)

BINITA S. MARU - 9869034162

## દેવપુર/નાના ભાડિયાના : ગાલા/ગડા પરિવાર દ્વારા

### ઋણ સ્વીકાર • આભાર વંદના



અરિહંતશરણ : તા. ૧.૮.૨૦૨૫

(CLC-8930)

# શ્રી જીતેશ (જીતુભાઈ) પ્રેમજી ગાલા

કચ્છ : દેવપુર • મુંબઈ : માટુંગા-સે.રે.

તા. ૧.૮.૨૦૨૫ ના અમે અમારા સ્નેહમૂર્તિ **શ્રી જીતેશ ગાલા**ને અકાળે – સદેહે ગુમાવ્યો. પરિવાર માટે આ ઘટના અકલ્પનીય અને અસહ્યનીય છે. પરિવારને ન પૂરાય એવી ખોટ પડી છે.

અમારી આ દુ:ખદ/ગમગીન પળોમાં અંતિમયાત્રા, પ્રાર્થના સભા દરમ્યાન રૂબરૂ તથા ખબરપત્રિકા, વૉટ્સએપ, કમ્યુટ્રી, મોબાઈલના માધ્યમથી અમને દિલાસો દઈ અમારા દુ:ખમાં સહભાગી થનાર તથા **શ્રી જીતેશભાઈ**ને શ્રધ્ધાંજલી આપીને તેમના પ્રત્યે સ્નેહભાવ દર્શાવનાર શ્રમણ-શ્રમણી ભગવંતો, સર્વે સગાં-સંબંધીઓ, ગામવાસીઓ, મિત્રો, વેપારી ભાઈઓ, વિવિધ સંસ્થાઓ - સંઘો એવમ્ હેતુ-સંતોષીઓ સર્વેનો કરજોડી - નતમસ્તકે ઋણ સ્વીકાર કરીએ છીએ. અમારી અભિવંદના સ્વીકારશોજી.

લિ. આપના ઋણી

**માતુશ્રી મણીબેન પ્રેમજી હંસરાજ ગાલા પરિવાર**
GALAA FINE JEWELS ❑ કચ્છ : દેવપુર

**માતુશ્રી ભાનુબેન લખમશી જેસંગ ગડા પરિવાર**
નવખંડ પરિવાર ❑ કચ્છ : નાના ભાડિયા

છગન છેડા : 9322263819



# congratulations



**MEET DIMPLE HIREN KENIYA**
Date of Birth : 29-04-2004
ACCA - Part Qualified
Placed at GRANT THORNTON LLP
(Audit Associate)
BAF from Jaihind college With 9.2 CGPA

*"Dream big, work hard, and soar higher! Congratulations on your remarkable achievement. May this success be the stepping stone to a brilliant future!*

Keep GOING
Keep GROWING

(CLC-8883)



**FENNY DIMPLE HIREN KENIYA**
Date of Birth : 30-11-2000
Masters in MSIM
(University of Washington-Seattle)
Vice president-AIMS, Asst Director-UWASH (ASUW),
Student Assistant at HFS IT, HUSKY 100
AWARD WINNER OF CAPSTONE PROJECT,
WORKING AT WISS

**Parents :** Dimple Hiren Jethalal keniya (Kapaya)
**Dada-Dadi :** Kalpana Jethalal Ramji keniya (Kapaya)
**Nana-Nani :** Madhu Anup Devraj sangoi (Motikhakhar)
**Kaka-Kaki :** Ila Jayesh J. Keniya
Meena Chirag J. keniya
**Masa-Masi :** Jeenal Samir Lavji gala (Vaki)

KHABAR PATRIKA : 8104209392

# ૨૬ વર્ષથી આપની સેવામાં કાર્યરત

જેના નામમાં જ એના ગુણ છે એવા એવ્હરફ્રેશ ના
નવા રીનોવટેડે શૉ રૂમના શુભારંભે ભાવભર્યુ આમંત્રણ

RE OPENING

Invitation

**14th August Thursday 9.00 am onwards**

## Everfresh

DRYFRUITS SWEETS NAMKEEN

Shop No.7,
Jade Arena, L N Road,
Matunga (East),
Opp..Rly STN (CR),
Mumbai - 400019

(CLD-8894)

માનનીય વડીલ સગા-સંબંધીઓ, વેપારી બંધુઓ, માનનીય ગ્રાહક બંધુઓ, મિત્રગણ, કચ્છ વડાલા ગામવાસીઓ પ્યારા માટુંગા નિવાસીઓ, અમારા હિતેચ્છુઓનાં સાથ સહકારથી અમે સફળ રહીએ એવા આશિષ સાથે આપની વાટ જોઈશું.

HARDIK T. LALANI - 9892010405, 9819510405
TILAK LAKHAMSHI LALANI (CHHEDA)

NEEL PARI - 9322299742

શ્રી ગણેશાય નમ: શ્રી મામલ માતાય નમ:

# શ્રી મામલ માતાજી ભાવિક સંઘ

પટેલ ચોક - ભુજપુર

## ત્રિહાનીકા મામલ ભક્તિ ઉત્સવ ૨૦૨૫ - સંદેશ - ૨

શ્રી મામલ માતાજી ભાવિક સંઘ, પટેલ ચોક, ભુજપુર સ્થાને નમતા શ્રધ્ધાવાન ભાવિકો જોગ, આ વર્ષે આયોજીત સમુહ જુહાર, ચિર જુહારનો ત્રિદિવસીય કાર્યક્રમ બુધવાર, તા.૨૯-૧૦-૨૦૨૫ થી શુક્રવાર તા.૩૧-૧૦-૨૦૨૫ સુધી ઉજવાશે. મામલ ભક્તિ ઉત્સવમાં ભાગ લેવા સ્થાનિકે ભુજપુર આવવા તા.૨૭-૧૦-૨૦૨૫ ની ટિકીટો તા.૨૮-૮-૨૦૨૫ ના નીકળશે.

ભાવિકો એ ધ્યાન થી આવવા જવાની ટિકીટો કઢાવી લેવી. સંઘ દ્વારા સર્વે ભાવિકો ને નમ્ર નિવેદન છે પરત જવાની ટિકીટો આપ પુ.મામલ માતાજી ની તા.૩૧-૧૦-૨૦૨૫ ના રોજ આયોજીત પહેડી પ્રસાદ લઈને જવા કઢાવવી.

